Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર


जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी


# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper


Vol. 1 | Issue 34 | 07 February 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# આત્મિય બેડમિન્ટન ટુર્નામેન્ટ : રમતભાવના, એકતા અને આત્મિયતાનો ઉજાસ















આજના સમયમાં રમતગમત માનવીના શારીરિક તથા માનસિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. રમતગમતથી શિસ્ત, સહકાર, આત્મવિશ્વાસ અને ખેલભાવનાનો વિકાસ થાય છે. આવા હેતુને ધ્યાનમાં રાખીને પ્રોફેશનલ કોર્ટ, મિસીસાગા (માલ્ટન) સ્થિત હિંદુ સ્વામિનારાયણ મંદિર દ્વારા તાજેતરમાં આત્મિય બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. “WIN OR LOOSE HOW YOU PLAY COUNTS” એવી એક ઉદાત ભાવના ને સાકાર કરતી આ આત્મીયતા સભર ટુર્નામેન્ટ હતી.

આ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન બ્રામ્ટન વિસ્તારમાં ઈન્ડોર જીમ (સ્ટેડિયમ) ખાતે કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના આયોજન માટે ખાસ સમિતિ રચવામાં આવી હતી. સમિતિ દ્વારા કોર્ટની યોગ્ય વ્યવસ્થા, પ્રકાશની સુવિધા, રેફરીઝની નિમણૂક, પ્રાથમિક સારવાર થી લઈને બ્રેકફાસ્ટ તેમજ લંચની, પીવાના પાણી જેવી તમામ જરૂરી વ્યવસ્થાઓ ખૂબ જ સારી રીતે કરવામાં આવી હતી.

આશરે ૮૫ થી વધુ ટીમોમાં ફક્ત પુરુષ ડબલ્સ ની જ કેટેગરી માં મેચો યોજાઈ હતી. દરેક ખેલાડીએ પોતાની શ્રેષ્ઠ ક્ષમતા સાથે રમતમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બૃહદ ટોરોન્ટો વિસ્તાર, લંડન ઓન્ટારીઓ થી ઓશાવા-એજેક્સ વિસ્તારમાં વસતાં ગુજરાતી સમાજના આશરે ૩૦૦ થી વધુ વ્યક્તિઓ એ એક યા બીજી રીતે ભાગ લીધો હતો. ખેલાડીઓમાં મુખ્યત્વે પ્રતિભાશાળી યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. પણ ૨૫ થી વધુ ટીમમાં સિનિયર્સ પણ યુવકો ને બરોબરની ટક્કર આપતાં જોવા મળ્યાં હતાં.

સ્પર્ધા લીગ-કમ-નોકઆઉટ પદ્ધતિથી યોજાઈ હતી. શરૂઆતના રાઉન્ડથી જ મેચો ખૂબ જ રોમાંચક બની રહી હતી. ખેલાડીઓની ઝડપ, ચપળતા અને ટેકનિક જોઈને દર્શકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. ક્વાર્ટર ફાઈનલ અને સેમી ફાઈનલ મેચોમાં કડક સ્પર્ધા જોવા મળી. **Karan Parmar & Jaineel Patel V/S Siddharth Gadhvi & Meet Visavadiya**

ફાઈનલ મેચ ટુર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ રહી. હવે વારો હતો ૮૪ ટીમ ના ૧૬૮ ખેલાડીઓ માંથી શ્રેષ્ઠ ૪ ખેલાડીઓ એક તરફ હતા કરન પરમાર અને જયનિત પટેલ અને બીજી તરફ હતા સિદ્ધાર્થ ગઢવી અને મીત વિસાવડિયા. બંને પક્ષના ખેલાડીઓએ ઉત્તમ રમતકૌશલ્ય અને સહનશક્તિ દર્શાવી. દર્શકો તાળીઓના ગડગડાટથી ખેલાડીઓનો ઉત્સાહ વધારતા રહ્યા. અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓ સિદ્ધાર્થ ગઢવી અને મીત વિસાવડિયાની ટીમેં વિજય મેળવ્યો.

ટુર્નામેન્ટના અંતે પુરસ્કાર વિતરણ સમારંભ યોજાયો હતો. મુખ્ય અતિથિ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા. અતિથિ મહોદયે ખેલાડીઓને અભિનંદન પાઠવી અને ભવિષ્યમાં વધુ મહેનત કરીને દેશનું નામ રોશન કરવા પ્રેરણા આપી.

પ્રથમ આત્મિય બેડમિન્ટન ટુર્નામેન્ટ ખૂબ જ સફળ અને યાદગાર સાબિત થયો. ખેલાડીઓમાં રમતભાવના, શિસ્ત અને એકતા વિકાસ તો થયો જ. પરંતુ સાથે સાથે આત્મિયતા પ્રવર્તક ગુરુહરિ પ.પુ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ. પુ. પ્રબોધસ્વામીજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત આત્મિયતા ના સિદ્ધાંત મુજબ જીવતાં બાળ-યુવા-વૃદ્ધ પર્તીસીપન્ટસના દર્શન થયાં. આવા રમતગમતના કાર્યક્રમો નિયમિત રીતે યોજાતા રહે તો જ યુવાનોનું સર્વાંગી વિકાસ શક્ય બને જે તેમના સફળ જીવતરનો પાયો બને.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**07 ફેબ્રુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ | અ, લ, ઈ** આ સપ્તાહે કાર્યક્ષેત્રે તમારી કાર્યક્ષમતા વધશે. નવી જવાબદારી કે પ્રોજેક્ટ મળવાની શક્યતા છે. અધિકારીઓ સાથે સંયમ રાખશો તો લાભ થશે. ખર્ચ વધે તેવી શક્યતા હોવાથી આર્થિક આયોજન જરૂરી છે. જીવનસાથી અથવા પરિવારજન સાથે સંવાદ વધારવાથી સંબંધોમાં સુધારો આવશે

**વૃષભ રાશિ | બ, વ, ઉ** આવકના નવા માર્ગો ખુલશે. અગાઉ કરેલા રોકાણથી લાભ મળી શકે. ઘર અથવા મિલકત સંબંધિત ચર્ચા આગળ વધશે. પરિવારનું સહકાર મળશે. આરોગ્યમાં પેટ કે ગળા સંબંધિત નાની તકલીફ થઈ શકે, આહાર પર ધ્યાન આપો. સપ્તાહ અંતે શુભ સમાચાર મળી શકે.

**મિથુન રાશિ | ક, છ, ઘ** આ સપ્તાહે નિર્ણય લેવામાં થોડી અસમંજસ રહેશે. કોઈ પણ કરાર કે દસ્તાવેજ સહી કરતા પહેલા સારી રીતે વાંચી લો. મિત્રવર્તુળમાંથી મદદ મળશે. ટૂંકા પ્રવાસના યોગ છે. વિદ્યાર્થીઓ માટે સમય મધ્યમ રહેશે

**કર્ક રાશિ | ડ, હ** નોકરી-ધંધામાં પ્રગતિના સંકેત છે. સિનિયરો તરફથી પ્રશંસા મળી શકે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે. સંતાન સંબંધિત ચિંતા દૂર થશે. આરોગ્ય સારું રહેશે,

**સિંહ રાશિ | મ, ટ** આત્મવિશ્વાસમાં વધારો થશે. નવી ઓળખાણો ભવિષ્યમાં લાભદાયી સાબિત થશે. માન-સન્માન વધશે. જોકે, અતિઆત્મવિશ્વાસ ટાળો. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. પ્રેમ સંબંધોમાં પારદર્શિતા રાખશો તો ગેરસમજ ટળશે.

**કન્યા રાશિ | પ, ઠ, ણ** આ સપ્તાહે મહેનતનું પૂરતું ફળ મળશે. અધૂરા કામ પૂર્ણ થશે. નોકરીમાં સ્થિરતા રહેશે. પરિવારના સભ્યો સાથે મતભેદ ટાળવાનો પ્રયાસ કરો. આરોગ્ય સારું રહેશે, પરંતુ ઊંઘની અછત થઈ શકે.

**તુલા રાશિ | ર, ત** વ્યવસાયમાં નવી તક અથવા ભાગીદારીના પ્રસ્તાવ આવી શકે. નાણાકીય બાબતમાં સાવચેતી રાખો. પ્રેમજીવનમાં મધુરતા આવશે. લગ્નયોગ્ય લોકો માટે સારા સંબંધની વાત આગળ વધે. કાનૂની મામલામાં સાવચેત રહો.

**વૃશ્ચિક રાશિ | ન, ય** મન થોડી અશાંતિ અનુભવી શકે છે. ગુપ્ત ચિંતાઓ દૂર કરવા માટે ધ્યાન અથવા પ્રાર્થના લાભદાયી રહેશે. નાણાકીય રીતે સ્થિરતા રહેશે. પરિવાર તરફથી સહયોગ મળશે. સપ્તાહના અંતે સ્થિતિ વધુ અનુકૂળ બનશે.

**ધન રાશિ | ભ, ધ, ફ, ઢ** અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષા અને ઇન્ટરવ્યુ માટે સમય અનુકૂળ છે. ભાગ્યનો સહયોગ મળશે. પ્રવાસ લાભદાયી રહેશે. ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધશે. આરોગ્ય સામાન્ય રહેશે.

**મકર રાશિ | ખ, જ** નોકરીમાં બદલાવ અથવા પ્રમોશનની ચર્ચા થઈ શકે. વડીલોની સલાહ મહત્વપૂર્ણ સાબિત થશે. અચાનક ખર્ચ થવાની શક્યતા છે. ઘરેલુ જવાબદારીઓ વધશે, પરંતુ સંભાળી શકશો.

**કુંભ રાશિ | ગ, સ, શ, ષ** નવા વિચારો અને યોજનાઓ સફળ બનશે. સર્જનાત્મક કામમાં સફળતા મળશે. મિત્રવર્તુળમાં માન-સન્માન વધશે. નાણાકીય સ્થિતિ સુધરશે. પ્રેમ સંબંધોમાં સ્થિરતા આવશે. આરોગ્યમાં સુધારો જોવા મળશે.

**મીન રાશિ | દ, ચ, ઝ, થ** ભાવનાત્મક રીતે મજબૂત રહેશો. અટવાયેલા કામ પૂર્ણ થશે. ઘર-પરિવારમાં આનંદદાયક વાતાવરણ રહેશે. આધ્યાત્મિક રસ વધશે. ખર્ચ નિયંત્રિત રાખશો તો બચત વધશે. સપ્તાહ અંતે શુભ સમાચાર મળી શકે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**



# ફેબ્રુઆરી : પ્રેમની ઉષ્મા અને વસંતની સુવાસ

ફેબ્રુઆરી મહિનો–કેનેડિયન સંસ્કૃતિમાં "પ્રેમનો મહિનો" તરીકે ઓળખાય છે, તો ભારતીય સંસ્કૃતિમાં એ વસંત ઋતુનું આગમન કરાવતો સુવર્ણ સમય ગણાય છે. બે અલગ સંસ્કૃતિઓ, બે અલગ અભિવ્યક્તિઓ–પણ ભાવ એક જ: નવજીવન, ઉષ્મા અને સંબંધોની સુગંધ.



કેનેડામાં ફેબ્રુઆરી આવતાં જ બરફીલી ઠંડી વચ્ચે દિલોને ગરમ રાખવાનો પ્રયત્ન શરૂ થાય છે. વેલેન્ટાઈન ડે માત્ર એક દિવસ નથી, પરંતુ લાગણી વ્યક્ત કરવાનો અવસર છે–પ્રેમી-પ્રેમિકા વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, મિત્રો વચ્ચે અને પરિવાર વચ્ચે. અહીં પ્રેમ બોલવામાં, લખવામાં અને વ્યક્ત કરવામાં કોઈ સંકોચ નથી. "આઈ લવ યુ" શબ્દો જેટલા સહજ છે, એટલી જ સહજતા સાથે લાગણીઓ વહે છે.





બીજી બાજુ, ભારતીય સંસ્કૃતિમાં ફેબ્રુઆરી એટલે વસંત ઋતુ–જ્યાં પ્રેમ બોલવામાં ઓછો અને અનુભવવામાં વધુ છે. ખીલેલા ફૂલો, કૂંપળો, કોયલની કૂજન અને પ્રકૃતિનો રંગીન શ્રુંગાર–આ બધું મૌન ભાષામાં પ્રેમની વાત કરે છે. અહીં પ્રેમ માત્ર વ્યક્તિ સુધી સીમિત નથી, પરંતુ પ્રકૃતિ, સંસ્કાર અને સંબંધોની સતત વહેતી ધારા છે.

કેનેડિયન પ્રેમ વ્યક્ત કરે છે, ભારતીય પ્રેમ પોષે છે. એક સંસ્કૃતિ શબ્દોમાં વિશ્વાસ રાખે છે, બીજી સંસ્કૃતિ કર્મમાં. એક તરફ કાર્ડ અને ચોકલેટ છે, બીજી તરફ ફૂલ, ફાગણ અને ફાગુણની મીઠી હવા. છતાં બંનેનું લક્ષ્ય એક જ છે–માનવ હૃદયને સ્પર્શવું.

આજના વૈશ્વિક યુગમાં, જ્યાં ભારતીયો કેનેડામાં વસે છે અને બંને સંસ્કૃતિઓ સાથે જીવતા શીખે છે, ત્યારે ફેબ્રુઆરી મહિનો એક સુંદર સંદેશ આપે છે–પ્રેમને માત્ર દિવસ સુધી સીમિત ન રાખો, અને વસંતને માત્ર ઋતુ તરીકે ન જુઓ. પ્રેમ બોલવામાં પણ સુંદર છે અને ચૂપચાપ નિભાવવામાં પણ.

ફેબ્રુઆરી આપણને શીખવે છે કે સંસ્કૃતિ ભલે અલગ હોય, પરંતુ લાગણીઓની ભાષા એક જ છે. જ્યારે પ્રેમની ઉષ્મા અને વસંતની સુવાસ એકસાથે મળે, ત્યારે જીવન ખરેખર ઉત્સવ બની જાય છે.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

**ખરું પુછો તો ફૂંકોમાં ફર્ક છે, બાકી તો વાંસળી સરખી જ છે**

Sankalan by Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


Happy Valentine's Day
I AM DIFFERENT !!
Happy Valentine's Day
@realtorravipatel
Looking for the Right
Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your
Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY
BROKERAGE

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC

INDEPENDENTLY OWNED AND OPERATED

FSRA LIC # 13093




## UNLOCK YOUR DREAM HOME WITH **EXPERT MORTGAGE GUIDANCE**

- Residential mortgage
- Commercial mortgage
- Refinancing, Home equity loans
- Business Line of Credits
- Business Loans (CSBFL)
- And many more



**Call today to schedule a consultation**

**CELL** : (647) 409-5848

**Lic #M22003707**


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Happy Valentine's Day
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST


# આત્મીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટ 2026: 3 V 3 બાસ્કેટબોલ માટે ખુલ્લું હાર્દિક આમંત્રણ

2025 ની ભવ્ય અને યાદગાર સફળતા બાદ, રમત, ઉત્સાહ અને એકતાનો ઉમંગ ફરી એકવાર જીવંત થવા જઈ રહ્યો છે. આત્મીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટ આપ સૌ માટે ફરીથી લઈને આવી રહ્યું છે રોમાંચક 3 V 3 બાસ્કેટબોલ ટુર્નામેન્ટ – જ્યાં પ્રતિભા, ટીમવર્ક અને ખેલભાવનાનો સુંદર સંગમ જોવા મળશે.

આ ટુર્નામેન્ટ માત્ર સ્પર્ધા નથી, પરંતુ મિત્રતા, પરિવારભાવ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપતો એક ઉત્સવ છે. ગયા વર્ષે મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ અને ખેલાડીઓના ઉત્સાહે આ વર્ષે કાર્યક્રમને વધુ ભવ્ય અને આયોજનબદ્ધ બનાવવા પ્રેરણા આપી છે.

આથી તમામ ખેલપ્રેમી યુવાનો, મિત્રો અને રમતપ્રેમીઓને હાર્દિક આમંત્રણ છે કે તાત્કાલિક રજીસ્ટ્રેશન કરાવી આ 3 V 3 બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં ભાગ લો અને પોતાની રમતની કળા સાથે યાદગાર ક્ષણો સર્જો.

આવો, સાથે રમીએ, સાથે જીતીએ, અને આત્મીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટને ફરી એકવાર ઐતિહાસિક બનાવીએ!




## ChatGPTનું સર્વર ડાઉન: અડધી દુનિયા થઈ ઠપ, જાણો ભારત કેટલી અસર થઈ



આધુનિક યુગમાં લોકો અને કંપનીઓ કામ માટે AI પર ભારે નિર્ભર બન્યા છે. આવી સ્થિતિમાં 3 ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે ટેકનિકલ ખામીના કારણે ChatGPT અચાનક વિશ્વભરમાં બંધ થઈ જતા ખળભળાટ મચી ગયો હતો. આ આઉટેજના કારણે ભારત સહિત અનેક દેશોના યુઝર્સને લોગિન અને પ્રોમ્પ્ટ મોકલવામાં મુશ્કેલી પડી હતી.

'DownDetector' પર હજારો લોકોએ ફરિયાદ નોંધાવી હતી અને સોશિયલ મીડિયામાં 'ChatGPT Down' ટ્રેન્ડ થયો હતો. આ મુદ્દે OpenAI એ ખામી સ્વીકારી અને લગભગ ત્રણ કલાકમાં સમસ્યાનું નિરાકરણ લાવી સેવાઓ પુનઃસ્થાપિત કરી હતી. જો કે આ ઘટના ટૂંકી હતી, પરંતુ AI પર વધતી નિર્ભરતા અને તેની વિશ્વસનીયતા અંગે મહત્વના પ્રશ્નો ઉભા કર્યા છે.






# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR** ➜

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# શ્રેણી-આધારિત પસંદગી ઘણા લોકો માટે PR માટે most accessible માર્ગ કેમ રહે છે.



સંકલન: શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ, એ એન બી ઈમિગ્રેશન

ઘણા લોકો માટે, એક્સપ્રેસ એન્ટ્રી શ્રેણી દ્વારા ડ્રો થવું એ કાયમી નિવાસ (PR) માટે most accessible માંનો એક છે.

અન્ય ડ્રો પ્રકારોની તુલનામાં, શ્રેણી-આધારિત પસંદગી (CBS) માટે સામાન્ય રીતે ઓછા કોમ્પ્રીહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) કટ-ઓફ સ્કોર અને કાર્ય અનુભવ આવશ્યકતાઓની જરૂર પડે છે.

જોકે, ધ્યાનમાં લેવા જેવી ખામીઓ છે જે કેટલાક માટે સુલભતા ઘટાડી શકે છે - જેમ કે ડ્રો ફ્રીક્વન્સી અને શ્રેણી પાત્રતા.

### શ્રેણી-આધારિત પસંદગી વિશે

CBS મે 2023 માં પસંદગીના ક્ષેત્રોમાં ક્રોનિક શ્રમની અછતને પૂર્ણ કરવા તેમજ સમગ્ર કેનેડામાં ફ્રેન્કોફોન ઇમિગ્રેશનને વિસ્તૃત કરવાના માર્ગ તરીકે લાગુ કરવામાં આવ્યું હતું.

જેઓ લાયક વ્યવસાયમાં છે અથવા પૂરતી ફ્રેન્ચ-ભાષા કુશળતા ધરાવે છે તેમને અન્ય ડ્રો પ્રકારો - જેમ કે કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) અથવા પ્રોવિન્શિયલ નોમિની પ્રોગ્રામ (PNP) ડ્રોઓની તુલનામાં શ્રેણી હેઠળ ડ્રો થવાની શક્યતા વધુ હોઈ શકે છે.

વર્તમાન એક્સપ્રેસ એન્ટ્રી શ્રેણીઓ છે:

આરોગ્યસંભાળ અને સામાજિક સેવાઓ;

વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM);



વેપાર;

કૃષિ અને કૃષિ-ખાદ્ય;

શિક્ષણ;

કેનેડિયન કાર્ય અનુભવ ધરાવતા ચિકિત્સકો; અને


ફ્રેન્ચ ભાષામાં નિપુણતા.

એક્સપ્રેસ એન્ટ્રી શ્રેણી દ્વારા પીઆર માટે અરજી કરવા માટે આમંત્રિત થવા માટે, તમારે એક્સપ્રેસ એન્ટ્રી કાર્યક્રમ માટે લાયક હોવું જરૂરી છે, યોગ્ય વ્યવસાયમાં ઓછામાં ઓછા છ મહિનાનો લાયકાત ધરાવતો કાર્ય અનુભવ (કેનેડામાં અથવા વિદેશમાં)* હોવો જોઈએ (અથવા ચોક્કસ ફ્રેન્ચ ભાષા સ્તર સુધી પહોંચવું જોઈએ), અને તે રાઉન્ડ માટે તમામ મંત્રી સૂચનાઓનું પાલન કરવું જોઈએ.

નોંધ કરો કે "કેનેડિયન કાર્ય અનુભવ ધરાવતા ચિકિત્સકો" શ્રેણી અનન્ય છે કારણ કે તેમાં ફક્ત કેનેડામાં મેળવેલ 12 મહિનાનો કાર્ય અનુભવ જરૂરી છે.

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




Happy Valentine's Day
HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Happy Valentine's Day
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

**WORLD CANCER DAY: કેન્સરથી બચવા રોજ 40થી 45 મિનિટ રનિંગ, સ્વિમિંગ, જોગિંગ જેવી એક્ટિવિટી કરવી જોઈએ**

# હિંમત, સજાગતા અને પોઝિટિવ એટિટ્યુડ સાથે મક્કમ મનોબળથી કેન્સરને માત આપતા સર્વાઈવર્સ

તાજેતરમાં વર્લ્ડ કેન્સર ડે હતો. આ અવસરે શહેરના એવા કેન્સર સર્વાઈવર્સ સાથે વાત કરી કે જેમણે હિંમત, સજાગતા અને પોઝિટિવ એટિટ્યૂડથી કેન્સરને માત આપી છે. જેમાં એક મહિલાને છેલ્લા 9 વર્ષમાં કેન્સરની 150થી વધુ ટાર્ગેટેડ થેરાપી અપાઈ છે. જ્યારે નૂતન શાસ્ત્રીએ સમયસર ઓપરેશન કરાવી કેન્સરને માત આપી છે. તેમજ મનીષે મોઢાના કેન્સરથી સાજા થયા બાદ 10 વર્ષથી કોઈ વ્યસન કર્યું નથી. આ સાથે તેઓ અન્યો માટે પણ પ્રેરણાસ્રોત બન્યા છે. આ ઉપરાંત શહેરના જાણીતા કેન્સર સર્જન ડો. નિકુંજ વિઠલાણી સાથે વાત કરી જાણ્યું કે કઈ આદતોથી કેન્સરની શક્યતા વધે છે.

**લોકોએ ક્યારેય વ્યસન ન કરવું જોઈએ. કેમ કે જેને કેન્સર થાય એને જ ખબર હોય છે કે તેની પીડા કેટલી અસહ્ય હોય છે.**


**લેખકઃ CB EXPERT : ડો. નિકુંજ વિઠલાણી (સ્પેશિયાલિસ્ટ સુરત ગુજરાત)**

● તમાકુ-આલ્કોહોલનું એડિક્શન ન હોવું જોઈએ. જે કેન્સરનું રિસ્ક વધારે છે.

● વધુ પડતું વજન ન હોવું જોઈએ. તમારી હાઈટના સેન્ટીમીટરના લાસ્ટના બે આંકડા જેટલું જ તમારું વજન હોવું જોઈએ. ઓવરવેઈટથી પણ કેન્સરનું રિસ્ક વધે છે.

● વધુ ચરબીવાળા ખોરાક અને પેકેજ ફૂડનું સેવન ઓછું કરી નેચરલ ફૂડ વધુ લેવું જોઈએ. જ્યારે ગરમ ફૂડને પ્લાસ્ટિક પેકેજિંગમાં ભરવામાં આવે છે ત્યારે તેમાં પ્લાસ્ટિકના કણો ચોંટી જાય છે.

● ફ્રૂટ-શાકભાજીને ત્રણ વાર ધોઈને ખાવા, કઠોળ-અનાજને ગરમ પાણીમાં પલાળીને ઉપયોગમાં લેવા જોઈએ, જેથી તેમાં પેસ્ટીસાઈડ હોય તો નીકળી જાય.



● સમયસર ભોજન અને ઓછામાં ઓછા 8 કલાકની ઊંઘ લેવી જોઈએ. બંનેનો યોગ્ય સમય નિર્ધારિત કરો. કેમ કે યોગ્ય સમયે ઊંઘ ન લો તો શરીરને હીલ થવાનો સમય નહીં મળે.

● કોઈપણ પ્રકારનું મેડિટેશન કરો. જે તમારા માઈન્ડને હીલિંગ પાવર આપે છે.

● દરરોજ રનિંગ, સ્વિમિંગ, ડાન્સિંગ અથવા તો કોઈ અન્ય ફિઝિકલ એક્ટિવિટી માટે દિવસમાં ઓછામાં ઓછી 40 થી 45 મિનિટ ફાળવો.

● સ્ટ્રેસ ન લેવું. કેમ કે વધુ પડતા સ્ટ્રેસથી શરીરમાં હોર્મોનલ બેલેન્સ બગડે છે અને ટોક્સિન્સથી શરીરને નુકસાન થાય છે.





## બ્રેસ્ટ કેન્સર અંગે સજાગતા જરૂરી છે, કોઈ લક્ષણને નાના ગણી નજર અંદાજ ન કરવા



**નૂતન શાસ્ત્રી**

વર્ષ 2014માં મને બ્રેસ્ટ કેન્સર થયું હતું. પોતાનું નિરીક્ષણ કરતા મને છાતીમાં ગાંઠ હોવાનો અનુભવ થયો હતો. ત્યારબાદ મેં ફેમિલી ડોક્ટર પાસે તપાસ કરાવી. તેમણે મને ઓપરેશન કરવાની સલાહ આપી હતી. મને તકલીફ તો થતી હતી, પરંતુ હું એક વર્કિંગ વુમન હતી, તેથી તકલીફને નજર અંદાજ કરી મારા દૈનિક કાર્યો ચાલુ રાખ્યા હતા. બ્રેસ્ટ કેન્સર અંગે સજાગતા રાખવી ખૂબ જરૂરી છે. કોઈ લક્ષણને નાના ગણી તેને નજર અંદાજ ન કરવા જોઈએ. મેં સારવાર દરમિયાન પોઝિટિવ એટિટ્યૂડ જાળવી રાખ્યો હતો. આ સાથે ડોક્ટર પર પણ વિશ્વાસ રાખવો જરૂરી છે. અત્યાર સુધી મેં ઘણા કેન્સર પેશન્ટને પણ મોટિવેટ કર્યા છે.

## 9 વર્ષમાં 8 કીમો અને ટાર્ગેટેડ થેરાપીના 150 સેશન લીધા

નામ ન આપવાની શરતે એક મહિલા કેન્સર સર્વાઈવરે જણાવ્યું કે, વર્ષ 2017માં મને ચોથા સ્ટેજનું બ્રેસ્ટ કેન્સર ડિટેક્ટ થયું હતું. જે હાડકામાં પણ ફેલાઈ ગયું હતું. જેની સારવાર માટે છેલ્લા 9 વર્ષમાં મને હેવી કીમો થેરાપીના 8 અને ટાર્ગેટેડ થેરાપીના 150 સેશન અપાયા હતા. હું એવું વિચારીને જીવતી હતી કે મને કેન્સર જેવી કોઈ બીમારી થઈ જ નથી. જીવનમાં સૌથી મહત્વનું તમારું આત્મબળ જ છે. મેં ક્યારેય મારી બાજુમાં ઉભેલા વ્યક્તિને ખબર પડવા દીધું નહોતું કે મને કેન્સર હતું. પરિવારના સાથ અને ડોક્ટરની ટ્રીટમેન્ટ પર ભરોસો રાખી સારવાર કરાવો.

## 10 વર્ષમાં મેં ક્યારેય માવા-મસાલા જેવા તમાકુના વ્યસનને હાથ લગાવ્યો નથી

**મનીષ રૂપાવરિયા**



વર્ષ 2016માં મને મોઢાનું કેન્સર થયું હતું અને મોઢાના ઓપરેશન બાદ મેં ક્યારેય માવા-મસાલા જેવા તમાકુના વ્યસનને હાથ લગાવ્યો નથી. આ ઉપરાંત મેં ખોરાકમાં પણ ફેરફાર કર્યા છે. જેમ કે તીખું-તળેલું અને ફેટવાળો ખોરાક લેવાનું બંધ કરી દીધું છે. જેથી છેલ્લા 10 વર્ષમાં મને કોઈ તકલીફ થઈ નથી.

હાલમાં જ 1 મહિના પહેલા મારા બીજી બાજુના જડબામાં પણ કેન્સર હોવાનું નિદાન થયું છે. જોકે એનો મને કોઈ ડર નથી. લોકોએ ક્યારેય વ્યસન નહીં કરવું જોઈએ. કેમ કે જેને આ કેન્સર થાય એને જ ખબર છે કે તેની પીડા કેટલી અસહ્ય હોય છે.



JAGANNATH MANDIR BRAMPTON
9893 TORBRAM ROAD, BRAMPTON, ON, L6S 6J1
GRAND CELEBRATION OF
MAHA SHIVARATRI
Sunday, February 15, 2026
All Devotees Are Cordially Invited
Become a Yajaman for Char Pehar Pooja
POOJA & PROGRAM SCHEDULE
First Pehar Pooja 6:00 PM – 8:00 PM
Shiv Vivah followed by Shringar
6:00 PM - 10:00 PM
Second Pehar Pooja
10:00 PM – 12:00 AM
Third Pehar Pooja
12:00 AM – 1:19 AM
Fourth Pehar Pooja 1:20 AM – 2:20 AM
Shiv Naam Bhajan & Meditation
2:20 AM - 3:30 AM
Mahamangalam Aarti 4:00 AM
Mandir will be open 6 AM on Sunday, February 15, 2026
to Monday, February 16 whole day
Priti Bhoja along with Varta food will be served
For More Information, Please Contact:
905-789-8555
416-801-7172

# પુષ્ટિમાર્ગના અષ્ટસખાના ત્યાગ અને ભક્તિની અનોખી કથા

પુષ્ટિમાર્ગના મહાપ્રભુજી. આઠ અષ્ટસખાઓ સુપ્રસિદ્ધ છે. તેઓના જીવનમાં ઝાંખી કરીને આપણને ઘણું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અષ્ટસખાની વાત કરતા પહેલા સૂરદાસજી અને બાદશાહ અકબરના મિલનની વાત કરી લઈએ. એક વખત સૂરદાસજી બાદશાહ અકબરને મળ્યા. એ વખતે એમણે બાદશાહનું નઈ પરંતુ શ્રીકૃષ્ણના યશનું ગાન કર્યું. અનાથી બાદશાહ ખૂબ ખુશ થયા. પ્રસન્ન થઈને એમણે સૂરદાસજીને વિનંતી કરી કે આપને જે જોઈએ તે બધુ મળી રહેશે. બસ આપ ઈચ્છા જણાવો. ત્યારે સૂરદાસજીએ કહ્યું કે આપના રાજયમાં ઠાકુરજી અને વૈષ્ણવોને કોઈ પણ પ્રકારની કનડગત ના થવી જોઈએ. બાદશાહે વચન આપ્યું કે વૈષ્ણવો અને તેઓના ઠાકુરજી પ્રત્યે કોઈ ઉપદ્રવ થશે નહી.

પરમાનંદદાસ મહાપ્રભુજીના ખાસ સખા હતા. એક વખત એમને ત્યાં વૈષ્ણવોનું સંમેલન યોજાયું હતું. એ વખતે એમની પાસે ઠાકુરજીને ન્યોછાવર કરવા માટે કશું જ ન હતું. એમણે એ વખતે એક સુંદર પદની રચના કરી અને પ્રભુ તો ભાવ અને ભાવનાનાં ભૂખ્યા આવી હતી પ્રેમલક્ષણા ભક્તિ.

કુંભનદાસજી ખેતીવાડી કરી પોતાના કુંટુંબોનું નિર્વાહ કરતાં હતા. કોઈની પાસેથી કશું જ લેતા નહી. સાવ અકિંચન હતા. સીકરીના શાહે એમની પ્રશંસા સાંભળીને એમને મળવા આવવાની વિનંતી કરી. રથ લઈને સિપાઈઓ અને મહાજન એમને લેવા ગયા. કુંભનદાસજીએ કહ્યું કે આપ અમારી સાથે નહીં પધારો તો રાજા અમારા પર નારાજ થઈ જાશે માટે કૃપા કરી આપ પધારો.

આ સાંભળીને કુંભનદાસજી તૈયાર થયા પણ કહ્યું કે મારે હાથી- ઘોડા કે પાલખીની જરૂર નથી, તેઓ ચાલતા ચાલતા સીકરી પહોચ્યા. રાજાએ એમનું ભાવભીનું સ્વાગત કર્યું. રાજાને હતું કે મારો આ વૈભવ જોઈને કુંભનદાસજી મારી પ્રશંસા કરશે પણ કુંભનદાસજીએ દરબારમાં આ પ્રમાણે પદનું ગાન કર્યું.

ભક્ત કો કહા કામ. આવત જાત પંહૈયા તૂટી બિસરી ગયો હરિનામ.



**લેખક સંકલન**
**વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ**
**ગોધરા, ગુજરાત**

જાકો સુખ દેખે દૂ:ખ લાગત, તાકો કારનો પડ્યો પ્રણામ,

કુંભનદાસ લાલ ગિરિધર બીનું યહ સબ ઝૂઠો ધામ.

આ સાંભળીને રાજા બહુજ પ્રસન્ન થયા. બહુમાન કરીને અનેક ભેટ સોગાદો આપી જે કુંભનદાસજીએ બધાને વહેંચી દીધી.

એક વખત રાજા માનસિંહ દિગ્વિજય કરીને ગિરિરાજમાં આવ્યા, અને કુંભનદાસજીને મળવા ગયા. કુંભનદાસજી તો અકિંચન હતા. કોઈની પાસેથી કશું માંગે નહી. સેવા પૂજા ચાલતી હતી. તિલક કરવા માટે કાચ તો હતો નહી એટલે પાણીમાં જોઈને તિલક કર્યું. રાજાએ સોનાની આરસી મોકલાવી. કુંભનદાસજીએ કહ્યું કે ‘મોકૂ યહ ન ચાહીએ’. વિદાય વખતે રાજાએ સુવર્ણમુદ્રા ધરી. કુંભનદાસજીએ ધન્યવાદ કરીને રાજાને કહ્યું કે મને સુવર્ણમહોરની જરૂર નથી. ‘મેરે ખેતી સે ધાન આવે હે વાએ મેરો કાર્ય ચાલે હે’ ત્યારે રાજાએ કહ્યું કે મારા લાયક કાંઈ કામ તો કહો. કુંભનદાસજીએ કહ્યું કે ભગવત કૃપાથી એવો સમય ન આવે કે હું કંઈક માંગુ.

વૈષ્ણવ ધર્મમાં ત્યાગનું બહું જ મહત્વ છે. કોઈની પાસે યાચના ન કરવી અને પ્રભુ પારાયણ જીવન જીવવું એ મહાપ્રભુજીનો આદેશ અષ્ટસખાઓએ જીવનમાં ઉતાર્યો.

છીતસ્વામી પણ આવાજ અકિંચન હતા. સ્થિતિ ગરીબ પણ ભક્તિ ઉત્તમ. કોઈ કંઈ દેવા આવે તો કહેતા મેં આ ધન કે સોના માટે વૈષ્ણવ ધર્મનો સ્વીકાર નથી કર્યો. મારો નંદલાલ મારા નયનમાં સદા વાસ કરે છે એટલે મને કોઈ મોહ નથી.

પદ્મનાભદાસજી ભાગવતની પારાયણ કરીને જીવનનિર્વાહ કરતાં હતા. એ વખતે આચાર્યશ્રીએ આજ્ઞા કરી કે શ્રીમદ્ ભાગવત પારાયણ કરીને જીવનનિર્વાહ કરવો યોગ્ય નથી. ત્યારથી એ જંગલમાથી લાકડા કાપીને લાવતા અને વેચતા અને જીવનનિર્વાહ કરતાં. ગરીબની સ્થિતિ હતી એટલે ભોગમાં ભગવાનને ચણાનો ભોગ ધરતા અને ભગવાન પ્રશન્ન થઈ ભોગ આરોગતા. પ્રેમમય ભગવાન ફક્ત ભાવથી ધરેલ ભોગ આરોગે છે.

પદ્મરાવલ વિધ્ધવાન હતા પણ ગરીબ હતા. ભોગમાં સૂકી રોટલી ધરતા હતા. પણ ભગવાન હોંશેહોંશે ભોગ સ્વીકારતા હતા. આ રીતે અનેક વૈષ્ણવ ત્યાગમૂર્તિ થઈ ગઈ હતી.

ઠાકુરજીના મસ્તક પર મોરના પીછાંનો મુગુટ હોય છે. આનું કારણ બતાવતી શ્રી ગોસાઈજીએ જે કહ્યું તે ધ્યાનમાં રાખવા જેવુ છે. એમણે કહ્યું એ મોર વિષયવાસનાથી દૂર છે. એ વાસનારહીત છે. મોરની આંખમાથી જે આંસુઓ નીકળે છે એ અશ્રુ પીને મયૂરી ગર્ભધારણ કરે છે. મયૂર મયૂરીના કામને નેત્રોથી તૃપ્ત કરે છે. આવી જ રીતે પ્રભુ પણ ભક્તોના કામને દર્શન આપીને શાંત કરે છે. ફૂલની માળા દોરામાં ફૂલ પરોવીને બનાવાય છે જે પ્રભુના વક્ષ:સ્થળ પર પહેરાવાય છે. ભક્તોના હ્રદયની સ્નેહમયી માળા પ્રભુના વક્ષ:સ્થળ સુધી પહોચે છે. વ્રજભક્તોના મન પણ આવી જ રીતે પ્રભુમાં પરોવાયેલા રહે છે.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
Let's Be popular
facebook Link
Chat
Let's Start!
Find on Google
Parth Patel
647 655 5029

D|P
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

## INSURANCE

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

## INVESTMENTS

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning



**Contact : (647) 834-8690**

**@ Dharmendrapatel@primerica.com**

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690

O : 647 507 9219 | F: 647 872 9219

dharma.patel@insureline.com | www.insurelinepearl.com

7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6

Independently Owned & Operated

# બ્રેમ્પટનના સિનિયરો માટે આશીર્વાદરૂપ પહેલ – મેફિલ્ડ વિલેજ સિનિયર ગ્રુપ

સહર્ષ જણાવતા અતિ આનંદ થાય છે કે કેનેડાના બ્રેમ્પટન શહેરના મેફિલ્ડ વિલેજ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી મેફિલ્ડ વિલેજ સિનિયર ગ્રુપ સફળતાપૂર્વક કાર્યરત છે. આ ગ્રુપ સિટીમાં કાયદેસર રીતે રજીસ્ટર થયેલું છે અને 55 વર્ષથી વધુ ઉંમરના સિનિયરોને એકત્ર કરી, તેમને સકારાત્મક અને સૌહાર્દસભર સામાજિક વાતાવરણ પૂરું પાડવાનું ઉમદા કાર્ય કરે છે.

આ ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ સિનિયર નાગરિકોની શારીરિક તથા માનસિક ક્ષમતામાં વધારો કરવાનો છે. તે માટે નિયમિત કસરત, સિંગિંગ, તેમજ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેથી સિનિયરો આનંદપૂર્વક સમય વિતાવી શકે, એકલતા દૂર થાય અને જીવનમાં નવચેતના આવે.

ખાસ વાત એ છે કે માત્ર $50 ની વાર્ષિક ફીમાં આખા વર્ષ દરમિયાન શક્ય તેટલા વધુ કાર્યક્રમો આયોજિત કરી, સિનિયરોને સતત સક્રિય અને ખુશ રાખવાનો માનવતાભર્યો આશય આ ગ્રુપ ધરાવે છે. આ પ્રયાસ સિનિયર જીવનને ગૌરવસભર, સ્વસ્થ અને આનંદમય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

મેફિલ્ડ વિલેજ સિનિયર ગ્રુપનું સંચાલન માનનીય શ્રી રણજીતભાઈ પટેલ તથા તથા એક્ઝિક્યુટિવ કમિટી દ્વારા કરવામાં આવે છે, જેમની સેવાભાવના અને સમર્પણના કારણે આ ગ્રુપ આજે સિનિયરો માટે વિશ્વાસનું કેન્દ્ર બન્યું છે.

જે કોઈ પણ 55 વર્ષથી ઉપરના સિનિયર સભ્યોને જોડાવાની ઈચ્છા હોય અથવા વધુ માહિતી મેળવવી હોય, તેઓ નીચે આપેલ ફોન નંબર પર સંપર્ક કરી શકે છે.



રણજીતભાઈ પટેલ, +1 (647) 509-7686

સિનિયરોના જીવનમાં આનંદ, આરોગ્ય અને સામાજિક જોડાણ લાવતી આવી પહેલ ખરેખર પ્રશંસનીય છે અને સમાજ માટે પ્રેરણારૂપ છે. ગ્રુપનો આગામી પ્રોગ્રામ 14 ફેબ્રુઆરી શનિવારના રોજ બપોરે 2:00 વાગ્યા થી 6 વાગ્યા સુધી 30 લોફરસ લેક કેનેડી અને સેન્ડલવુડ ઈન્ટરસેક્શન પર ના સ્થળે રાખવામાં આવેલ છે કોઈપણ સભ્યને જોડાવું હોય તો નીચે આપેલ શ્રી રણજીતભાઈ પટેલ ના નંબર પર સંપર્ક કરવો.







HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently Owned & Operated

SANJU PATEL
Broker



DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail. com
Web www. shivbijhomes. com

# જીવનમાં ખૂબ જ મહત્વનો શબ્દ- આભાર (Thank you)



લેખકઃ ઘનશ્યામ પટેલ ( ખુશ )
કેલગરી, કેનેડા.

આભાર શબ્દ નાનો છે પણ મનુષ્યની જિંદગીમાં ખૂબ જ મહત્વનો છે .સૂર્યોદય પછી સૂર્યાસ્ત થાય છે. દિવસ પછી રાત્રી આવે છે. બીજો દિવસે થાય છે ત્યારે કેટલાક માનવીની આંખો ખૂલતી નથી, બીજા દિવસનો સૂર્યોદય નિહાળી શકતા નથી .પ્રભુના ધામમાં પહોંચી જાય છે ત્યારે આપણને સમયસર ઉઠાડનાર પ્રભુનો આપણે આભાર માનવો જ રહ્યો . આપણો જન્મ થયો ત્યારે કશું જ લઈને આવ્યા નથી અને મૃત્યુ બાદ કશું સાથે લઈ જવાના નથી . ખાલી હાથે આવેલા અને ખાલી હાથે પાછા જવાના છીએ. વધુ મોહમાયા, લાલચ , લોભ રાખ્યા વિના પ્રભુએ જે કંઈ આપણને આપ્યું છે તેમાં સંતોષ માણીએ. ઘણા માનવી એવા પણ છે કે જેઓની પાસે તમારી પાસે જે છે તે પણ નથી, ખૂબ ગરીબીમાં જીવતા હોય છે ,માટે પ્રભુનો આભાર માનો કે તે બધા કરતા તમારી જિંદગી ખૂબ સારી છે. તેથી દરરોજ સવારે જાગીને આપણે જે ઈષ્ટદેવને માનતા હોઈએ, તેમને બે હાથ જોડી નમસ્કાર કરી થેન્ક્યુ કહેવું જોઈએ .પ્રભુએ આપણને મકાન, સંપત્તિ , સુખી પરિવાર આપ્યા છે તો તેમને કેમ ભૂલાય ? Thank you તો કહેવું જ પડે ને ?

કેનેડામાં બે મિત્રો બસમાં મુસાફરી કરતા હતા. બસમાંથી ઉતરતી વખતે એક મિત્રે ડ્રાઈવરને થેન્ક્યુ કહ્યું, ત્યાર પછી બીજા મુસાફરો એ પણ દરેકે ઉતરતી વખતે થેન્ક્યુ કહ્યું . પહેલા મિત્ર તેના મિત્રને કહ્યું, આ બધા ડ્રાઈવરને થેન્ક્યુ કેમ કહે છે ? એ તો પગારદાર કર્મચારી છે અને તેના ફરજના ભાગરૂપે સેવા આપે છે .તેના મિત્રે જવાબ આપ્યો કે, પગારદાર કર્મચારી તો છે જ પણ આપણને સહી સલામત જે તે સ્થળે પહોંચાડ્યા તેના બદલામાં દરેક તેને થેન્ક્યુ કહી તેનો આભાર માને છે . તે મિત્રે ફરીથી કહ્યું, આ દેશમાં તો કોઈપણ સ્ટોરમાં કેશિયર ચેઈન્જ આપે તો પણ તેને થેન્ક્યુ કહેછે. સ્ટોરમાં પ્રવેશ કરતી વખતે આગળની કોઈ વ્યક્તિ તમારા માટે દરવાજો ખોલીને ઉભી રહે તો પણ તેને થેન્ક્યુ કહેછે. કોઈ વખતે આપણે ખાસ ખૂબ જ અગત્યના કામે બહાર જવાનું થયું હોય અને ટ્રેન કે વિમાન સુધી જવાનું હોય , ટ્રાફિક કે અન્ય કારણોસર મોડા પડીએ અને વિમાન કે ટ્રેન ચૂકી જઈએ તો ખૂબ દુઃખ થાય છે અને ગુસ્સામાં ગમેતેમ બોલીએ છીએ .ન કહેવાનું પણ કહીએ છીએ અને જ્યારે થોડાક સમય પછી સાંભળવા મળે કે આપણે જે ટ્રેન કે વિમાનમાં જવાના હતા તેનો અકસ્માત થયો છે અને ઘણા લોકો માર્યા ગયા છે ત્યારે તમે કહો છો હે ! ભગવાન સારું થયું તમે બચાવી લીધા .આ સમયે આપણે ભગવાનને થેન્ક્યુ કહીએ છીએ

કેનેડા અને અમેરિકામાં લણણી ની ઋતુમાં હાર્વેસ્ટ ફેસ્ટીવલ તરીકે Thanks giving day ઉજવાય છે .આ દિવસ આભાર માનવાનો દિવસ ગણાય છે. મિત્રો કુટુંબીજનો ડિનર માટે ભેગા થાય છે .અહીં તેઓ તેમને મળેલા સુંદર અને અમૂલ્ય જીવન માટે તથા જીવન દરમ્યાન મળેલી ઘણી વસ્તુઓ માટે ઈશ્વર નો આભાર માનેછે .મિત્રોએ કરેલી મદદ અને આપેલ સમય માટે તેઓને Thank you કહેછે .Thanks giving કાર્ડ ની આપલે થાય છે .

Thank you શબ્દ ખૂબ જ મહત્વનો અને અસરકારક છે .તે સારું કાર્ય કરવા સામેની વ્યક્તિને પ્રોત્સાહિત કરે છે .તમારે પણ તમારી જિંદગીમાં તમારી પ્રગતિમાં જેમણે તમને મદદ કરી હોય , સમયદાન કર્યું હોય તેમનો આભાર માનવો જોઈએ.

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori



- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak



- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events | Birthday Event
Office Event | Wedding

# રેડિયો : માણસનો કાયમનો મિત્ર



લેખકઃ હસમુખ બી. પટેલ - 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

વિશ્વ રેડિયો દિવસ (World Radio Day) પ્રત્યેક વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવતો એક આંતરરાષ્ટ્રીય દિવસ છે. સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ યુનેસ્કોની જનરલ કોન્ફરન્સમાં ઈસ 2011 માં વિશ્વ રેડિયો દિવસ 13 ફેબ્રુઆરીએ મનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. 13 ફેબ્રુઆરી 1946 માં યુનેસ્કો દ્વારા સંયુક્ત રાષ્ટ્ર રેડિયો તથા સંયુક્ત રાષ્ટ્રની પ્રસારણ સેવાની સ્થાપના કરવામાં આવેલ હતી અને માટે જ વિશ્વ રેડિયો દિવસ માટે 13 ફેબ્રુઆરીના રોજ ઊજવવામાં આવે છે. ઈસ 1946 માં પ્રથમવાર યુનાઈટેડ નેશન્સના રેડિયો સ્ટેશનથી પ્રસારણ કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં વિકાસ અને ટેકનોલોજીની હરણફાળ વચ્ચે આજે પણ રેડિયો ચાલી રહ્યો છે પરંતુ તેના સ્વરૂપમાં ઘણા બદલાવ આવ્યા છે. વિવિધ એફએમ રેડિયો સ્ટેશન કાર્યરત થયા છે અને વેબ રેડિયો પણ કાર્યાન્વિત થઈ ગયા છે. વર્તમાન સમયે માત્ર રેડિયો જ સસ્તું અને વિશ્વસનીય માધ્યમ છે. રેડિયો આજે પણ એક શક્તિશાળી માધ્યમ ગણાય છે. જ્યારે કોઈ મોટી આફત કે હોનારત આવે ત્યારે બાકીના તમામ માધ્યમો ખોરવાઈ શકે છે પણ તરંગોના આધારે રેડિયો કામ કરતો રહે છે અને સંદેશા વ્યવહાર ચાલુ રહે છે. વિશ્વમાં જુદા જુદા સમયે આવેલી ઘણી બધી મોટી કુદરતી આફતો અને હોનારતોમાં રેડિયોના લીધે સંખ્યાબંધ લોકોના લોકોના જીવ બચ્યા છે.

## રેડિયોની શોધ :

રેડિયોના શોધક ખરેખર કોણ છે તે અંગે ચર્ચાના કેન્દ્રમાં રહેલા બે મુખ્ય મહાનુભાવો ગુગ્લિએલ્મો માર્કોની અને નિકોલાઈ ટેસ્લા છે.

ગુગલીએલ્મો જીઓવાન્ની મારિયા માર્કોની ઈટાલીના હતા. તેઓ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, રેડિયો તરંગોના શોધક અને રાજકારણી હતા. માર્કોની વાયરલેસ ટેલિગ્રાફી સાથેના તેમના પ્રયોગો અને ઈંગ્લેન્ડમાં વાયરલેસ ટેલિગ્રાફી માટે ૧૮૯૬માં પેટન્ટ માટે જાણીતા છે. નિકોલાઈ ટેસ્લા હાલના ક્રોએશિયાના હતા. તેઓ પણ ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ એન્જિનિયર હતા. ટેસ્લાએ સૌપ્રથમ 1893 માં વાયરલેસ રેડિયોનું પ્રદર્શન કર્યું અને 1900 માં યુનાઇટેડ સ્ટેટ્સમાં તેનું પેટન્ટ મેળવ્યું. યુ.એસ. સુપ્રીમ કોર્ટે 1943 માં ટેસ્લાની તરફેણમાં માર્કોનીના પેટન્ટને ઉથલાવી દીધો. જોકે, ટેસ્લા ચુકાદો સાંભળવા માટે જીવિત ન રહ્યા. તેમનું મૃત્યુ થોડા મહિના પહેલા જ થયું.

1920 પહેલાં દરિયામાં જહાજોનો સંપર્ક કરવા માટે રેડિયો સિગ્નલોનો ઉપયોગ થતો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ પછી નાગરિકોએ પોતાના ઘર માટે રેડિયો ખરીદવાનું શરૂ કર્યું. 1920 ના દાયકાના અંત સુધીમાં, યુનાઇટેડ સ્ટેટ્સમાં 10 કરોડથી વધુ મકાનમાલિકો રેડિયોનો ઉપયોગ કરતા હતા. સંગીત અને સમાચાર એ રેડિયોમાં સાંભળેવામાં આવતા સૌથી મોટા કાર્યક્રમો હતા. સાથે સાથે શ્રોતાઓ તેમના મનપસંદ નાટક, ક્વિઝ શો, રમતગમતના કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે સાંભળતા.

## રેડિયો » મારો સંગાથી :

મેં 1976 થી 1986 ના દશકમાં સતત રેડિયો સાંભળ્યો છે, માણ્યો છે અને યાદગાર સ્મૃતિઓ જીવી છે.

દર બુધવારે બિનાકા ગીતમાલા સાંભળવા માટે કાગળ/નોટ/ડાયરી લઈને બેસતો અને તમામ ગીતોની નોંધ કરતો હતો. બિનાકા સાંભળવા માટે મારા મામાના ઘરનો લગ્નપ્રસંગ પણ ગુમાવ્યો હતો. સ્વ. અમીન સયાનીનો સૌને મંત્રમુગ્ધ કરતો અવાજ મારી સાફલ્ય ઉદઘોષણા માટે પ્રેરણા બની રહ્યો.

રેડિયો સિલોન પરથી બિનાકા ઊપરાંત સાઈકલ બ્રાન્ડ પણ રવિવારે સાંભળવાની મજા લીધેલી હતી.

ક્રિકેટ મેચની કોમેન્ટ્રી લાગલગાટ 10-12 વરસો સુધી રેડિયો પર સાંભળેલી. ઈંગ્લેન્ડમાં ઓવલમાં રમાયેલી સુનિલ ગાવસ્કરના 221 રન ફટકારેલી રોમાંચક મેચ મારા પ્રિય કોમેન્ટેટર શ્રી સુશીલ દોશીના અવાજમાં આજે પણ ગુંજારવ કરી રહી છે.

ઝિમ્બાબ્વે સામે 1983 વર્લ્ડ કપમાં કપિલદેવની 175 રનની ઈનિંગ આપણે આખી મેચ ગુમાવી દીધી છે એમ માનીને કલોલ-નારદીપુર બસમાં અપ ડાઉન કરતાં રેડિયો પર કોમેન્ટ્રી અને સમાચાર દ્વારા સાંભળેલી.

વરસો બાદ બિનાકા ગીતમાલામાં સુપરસ્ટાર રાજેશખન્નાની ફિલ્મ સૌતનનું ગીત 'ચાયપે બુલાયા હૈ' પ્રથમ નંબરે આવવાનો રોમાંચ એલ. ડી. હોસ્ટેલમાં મિત્રો વચ્ચે મહેફિલમાં સજાવ્યો હતો.

રેડિયો સ્ટેશન પકડવા માટે અને સ્પષ્ટ અવાજ સાંભળવા પપ્પાએ લાવી આપેલ શકુરા વિક્ટર રેડિયોમાં સતત ખોલબંધ કરીને જુદા જુદા સ્ક્રૂ ઉપર નીચે કરવા, ડાયોડ ને ટ્રાન્ઝિસ્ટર આઘાપાછા કરવા ને અંતે રેડિયોનું બગડવું- મારા રેડિયો સાનિધ્યની એકેએક પળ આજે પણ એટલી જ છે.

## રેડિયોનું જતન અને સાચવણી :

આજે ભૂલાઈ રહેલા રેડિયોના અસ્તિત્વને ઊર્જાસભર કરવા માટે આપણે વિશ્વ રેડિયો દિવસની ઉજવણીમાં આટલું તો કરીએ :

(1) વિશ્વ રેડિયો દિવસે વિશ્વના સૌથી વધુ શ્રોતાઓ સુધી પહોંચતું સર્વશ્રેષ્ઠ માસ મીડિયા (Mass Media) રેડિયો છે એની સમજ આપીએ. (2) વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે અને વિશ્વને વધુ નજદીક લાવવા રેડિયોની શક્તિ સર્વને જણાવવી. (3) રેડિયોના ઉપયોગ અને તેની મહત્તા માટે લોકોને જાગૃત કરીએ. (4) કુદરતી આફતો દરમિયાન માનવજાતને બચાવવાના સ્રોત તરીકે રેડિયો કેટલો મૂલ્યવાન સાબિત થયો છે એ પ્રકાશિત કરવું. (5) વિશ્વ રેડિયો દિવસ રેડિયો થકી સંગીત અને કલાના પ્રસારણથી જુદી જુદી પ્રણાલિકાઓને એકબીજાની નજીક આવે છે. (6) ઈન્ટરનેટ અને બાકીના માધ્યમથી સંગીત સાંભળતા લોકો મિત્રો શુભેચ્છકોને ફરીવાર જૂના અને સૌથી મહત્ત્વના રેડિયો સાથે જોડો. (7) વિશ્વ રેડિયો દિવસની ઉજવણી નિમિત્તે રેડિયોના ઈતિહાસનું સંશોધન કરી રેડિયો દ્વારા આપણી સંસ્કૃતિને મળેલ સન્માનને સમજો અને સમજાવો. (8) રેડિયો વિનાના જીવનની કલ્પના કરી ભૂલાતા જતા રેડિયોને ફરી મહેંકાવો. (9) બાળપણની રેડિયો સાંભળેલ યાદોને પરસ્પર વહેંચીને રેડિયોની જરૂરિયાતને જગત સમક્ષ લાવો. (10) રેડિયો એ 1930 થી 1980 સુધી મોટામાં મોટું મનોરંજન અને સાંસ્કૃતિક માધ્યમ હતું એ ભવ્યતાને ઉજાગર કરો. (11) વિશ્વ રેડિયો દિવસની ઉજવણીમાં મિત્રોનો સમાવેશ કરી સૌને રેડિયો સાંભળવા પ્રેરિત કરો.

## છેલ્લા દશ વર્ષની બધી વિષયવસ્તુ (થીમ):

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ રેડિયો દિવસ (World Radio Day) માટે પ્રત્યેક વર્ષે એક વાર્ષિક વિષયવસ્તુ (થીમ) રજૂ કરવામાં આવે છે. આમ, વિશ્વ રેડિયો દિવસ દર વર્ષે કોઈને કોઈ થીમ પર ઉજવવામાં આવે છે. છેલ્લા દશ વર્ષની બધી વિષયવસ્તુ (થીમ)ની સૂચિ :

2016: કટોકટી અને આપત્તિના સમયમાં રેડિયો ("Radio in Times of Emergency and Disaster")

2017: તમે જ રેડિયો છો. ("Radio is You")

2018: રેડિયો અને રમતગમત ("Radio and Sports")

2019: સંવાદ, સહિષ્ણુતા અને શાંતિ ("Dialogue, Tolerance and Peace ")

2020: આપણે વિવિધતા છીએ, આપણે રેડિયો છીએ. ("We are Diversity, We are Radio")

2021: નવી દુનિયા, નવો રેડિયો ("New World, New Radio")

2022: રેડિયો અને વિશ્વાસ ("Radio and Trust")

2023: રેડિયો અને શાંતિ ("Radio and Peace")

2024: રેડિયોઃ માહિતી આપતી, મનોરંજન આપતી અને શિક્ષિત કરતી સદી ("Radio: A century inform-ing, entertaining and educat-ing")

2025: રેડિયો અને આબોહવા પરિવર્તન ("Radio and Climate Change")

૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાનાર વિશ્વ રેડિયો દિવસની થીમ "રેડિયો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ" (Radio and Artificial Intelligence) છે, જેનું માર્ગદર્શક સૂત્ર "AI એ એક સાધન છે, અવાજ નથી" છે. યુનેસ્કો એ વાત પર ભાર મૂકે છે કે AI રેડિયો ઉત્પાદનને કેવી રીતે ફરીથી આકાર આપે છે અને નવીનતાને પ્રોત્સાહન આપતી વખતે, માનવ નિર્ણય અને નૈતિકતા પ્રસારણમાં કેન્દ્રિય રહેવા જોઈએ.

ડીજીટલ માધ્યમના સતત આક્રમણ બાદ આજે પણ ભારતમાં સરકારી રેડિયો કાર્યરત છે. ખાનગી કંપનીઓ પણ મોટા શહેરોમાં પોતાના એફએમ રેડિયો સ્ટેશન ચલાવી રહી છે.



વર્ષોથી, રેડિયો વિશ્વભરના શ્રોતાઓનું મનોરંજન અને માહિતી આપવાનું ચાલુ રાખ્યું છે. હાલમાં, વૈશ્વિક સ્તરે લગભગ 44,000 રેડિયો સ્ટેશન અસ્તિત્વમાં છે. વિકાસશીલ દેશોમાં લગભગ 75 ટકા ઘરો રેડિયો સાંભળે છે.

આવો, આપણે સૌ તા. 13 ફેબ્રુઆરી, 2025 ના રોજ વિશ્વ રેડિયો દિવસની (World Radio Day) ઉજવણી રેડિયો સાંભળીને, રેડિયો સંભળાવીને કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે ડીજીટલ યુગમાં આપણા પુરાતન શાશ્વત સાથી રેડિયોને એકએક સાહિત્યકાર / વાચક સાંભળે અને પોતાની રેડિયો સાંભળવાની યાદગાર સ્મૃતિઓની સૌને જાણકારી આપે એ અપીલ કરીએ.




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Happy Valentine's Day
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# વિજયા એકાદશી તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬: મહા મહિનાના કૃષ્ણ પક્ષમાં વિજયા એકાદશી આવે છે. બધી એકાદશીમાં વિજયા એકાદશી સૌથી વિશેષ

**સંકલન: લેખક વૈષ્ણવ શ્રી મોનાબેન પટેલ**




એક વખત નારદજીએ બ્રહ્માજીને મહા મહિનાના કૃષ્ણ પક્ષની વિજયા એકાદશીના વ્રતથી થનારા પૂણ્ય વિશે પૂછયું હતું. ત્યારે બ્રહ્માજીએ આ વ્રત વિશે એમને જે કથા અને વિધિ કહી હતી તે સાંભળો." બ્રહ્માજીએ કહ્યું : "નારદ ! આ વ્રત ઘણુંજ પ્રાચીન છે. પવિત્ર તથા પાપનાશક પણ છે. રાજાઓને વિજય અપાવે છે એમાં જરા પણ સંદેહ નથી."

ત્રેતાયુગમાં શ્રી રામ જયારે લંકા પર આક્રમણ કરવા માટે સમુદ્ર કિનારે પહોચ્યા ત્યારે એમને સમુદ્ર પાર કરવાનો કોઈ ઉપાય સુઝતો ન હતો. ત્યારે તેમણે લક્ષ્મણજીને પૂછયું હતું કે: "સુમિત્રાનંદન! આ મસુદ્રને કેવી રીતે પાર કરી શકાય! આ અત્યંત અગાધ અને ભયંકર જળજંતુઓથી ભરેલ છે. મને એવો કોઈ ઉપાય નથી દેખાતો કે જેનાથી આને સુગમતાથી પાર કરી શકાય."

લક્ષ્મણજી બોલ્યા: "હે પ્રભુ! આપ જ આ સૃષ્ટિના રચિયતા છો. આપનાથી શું છુંપું છે ? અહીથી અડધો યોજન દૂર કુમારીદ્વછપમાં બકદાલભ્ય મુનિ રહે છે. આપ એ પ્રાચીન મુનિ પાસે જઈને એમને જ આનો ઉપાય પૂછો." શ્રી રામ મુનિ બકદાલભ્યના આશ્રમે પહોચ્યા અને એમને પ્રણામ કર્યાં. મુનિએ પ્રસન્ન થઈને આગમનં કારણ પૂછયું. શ્રી રામ બોલ્યા: "મુનિશ્વર! હું લંકા પર આક્રમણ કરવાના ઉદ્દેશ્યથી મારી સેના સહિત અહીં આવ્યો છું. હે મુનિ! હવે જે પ્રમાણે સમુદ્ર પાર કરી શકાય એ ઉપાય કૃપા કરીને જણાવો."

મુનિશ્રી બોલ્યા: "હે રામ! મહા મહિનાના કૃષ્ણ પક્ષમાં "વિજયા" નામની એકાદશી આવે છે. એનું વ્રત કરવાથી આપનો વિજય થશે. આપ ચોકકસ આપની વાનર સેના સાથે સમુદ્ર પાર કરી શકશો. હે રામ! હવે આ ફળદાયક વ્રતની વિધિ સાંભળો." સમના દિવસે સોના, ચાંદી, તાંબા અથવા માટીનો એક કળશ સ્થાપિત કરવો. એ કળશમાં જળ ભરીને એમાં નવા પાન નાખીને કળશ પર ભગવાન નારાયણના સુવર્ણમય વિગ્રહની સ્થાપના કરવી. એકાદશીના દિવસે કળશને પૂન:સ્થાપિત કરવો. માળા, ચંદન, સોપારી અને નાળિયેર વગેરે દ્વારા વિશેષ પ્રકારે એનું પૂજન કરવું.

કળશ ઉપર સપ્તધાન્ય અને જવ રાખવા. ગંધ, ધૂપ, દીપ અને વિવિધ પ્રકારના નૈવેદ્યથી પુજન કરવું. કળશ સમક્ષ બેસીને ઉત્તમ કથા વાર્તા વગેરે દ્વારા આખો દિવસ પસાર કરવો. રાત્રે પણ ત્યાં જાગરણ કરવું. અખંડ વ્રતની સિદ્ધિ માટે ઘીનો દીવો રાખવો. પછી બારસના દિવસે સૂર્યોદય થતા એ કળશને કોઈ જળાશય પાસે સ્થાપિત કરવો. અને એની વિધિવત્ પૂજા કરીને દેવપ્રતિમા સહિત એ કળશનું બ્રાહ્મણને દાન કરી દેવું. કળશની સાથે બીજું પણ યથા શકિત મુજબ દાન આપવું. હે રામ ! આપ આ,ના સેના પતિઓ સાથે આ પ્રમાણે પ્રયત્ન પૂર્વક વિજયા એકાદશીનું વ્રત કરો. આમ કરવાથી આપનો વિજય થશે."

બ્રહ્માજી કહે છે: "નારદ! આ સાંભળીને શ્રીરામે મુનિના કથાનુસાર એ સમયે વિજયા એકાદશનું વ્રત કર્યું. આ વ્રત કરવાથી શ્રીરામ વિજયી થયાં. એમણે સંગ્રામમાં રાવણને માર્યો. લંકા પર વિજય પ્રાપ્ત કર્યો. અને સીતાજીને ફરી પ્રાપ્ત કર્યા. બેટા! જે મનુષ્યો આ વિધિ મુજબ વ્રત કરે છે એમને આ લોકમાં વિજય પ્રાપ્ત થાય છે. અને એમનો પરલોક પણ અક્ષય બની રહે છે." આ કારણે વિજયા એકાદશીનું વ્રત કરવું જોઈએ. આ પ્રસંગ વાંચવાથી અને સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે."




તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26 PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Happy Valentine's Day
Summer 2026 PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# "શ્રી ગિરિરાજ ગોવર્ધનનાથજીનું હરિદાસ સ્વરૂપ : પ્રશ્નોત્તરી પ્રકાશ"



લેખક વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ અને મોનાબેન પટેલના સૌજન્યથી

હરિદાસવર્ય "ગિરિ-ગોવર્ધનરાય" આધારિત પ્રશ્નોત્તરી- જવાબ સાથે. (ક્રમશઃ)

### પ્રશ્ન-૩૧. શ્રી ગિરિરાજજીનું આધિદૈવિક સ્વરૂપ કયું છે.

ઉત્તર-૩૧. ગિરિરાજજીનું આધિદૈવિક સ્વરૂપ નિત્ય લીલામાં ભગવદ્રૂપ પણ અને સુખનિધિનું સ્વરૂપ પણ છે, અને પ્રસંગ અનુરૂપ જીવની ગુણવતાનુસાર તેના દર્શન થાય છે.

### પ્રશ્ન-૩૨. શ્રી ગિરિરાજજીના સુખનિધિ સ્વરૂપનાં દર્શન કોને થયા અને તેનું વર્ણન શેમાં આવે છે ?

ઉત્તર-૩૨. શ્રી ગિરિરાજજીના સુખનિધિ સ્વરૂપના દર્શન નિર્ગુણ ગોપીજનોને થયા હતા. શ્રીમદ ભાગવતના દશમ સ્કંધ, અધ્યાય ૨૧ (વેણુગીતમ્)માં વૃંદાવનવાસી ગોપીઓ સુખનિધિના ગુણગાન કરે છે.

### પ્રશ્ન-૩૩. વેણુગીતના ક્યા શ્લોકમાં શ્રી ગિરિરાજજીનું વર્ણન આવે છે?

ઉત્તર-૩૩. વેણગીતના ૧૮ (અઢાર) માં શ્લોકમાં હન્તાયમદ્રિરબલા હરિોસવો, યદ્ - રામ-કૃષ્ણ-ચરણ સ્પર્શ આ શ્લોકમાં ગિરિરાજનું વર્ણન આવે છે.

### પ્રશ્ન-૩૪. પુલન્દિઓ શું લઈ જવા નિમિત્તે ભગવાન સન્મુખ થયા.

ઉત્તર-૩૪. પુલન્દિઓએ શ્રી ગિરિરાજજીનો- ભગવદ ભકતનો સંગ કર્યો. પરમ ભગવદીયના સંગથી ભગવદભાવની પૂર્ણતાને પામ્યા. આ સંગના પ્રતાપે જ પુલિન્દીઓમાં વિવેક આવ્યો અને ઉત્થાપન સમયે ઠાકોરજીના સુખાર્થે લીલો મેવો લઈ જવા નિમિત્તે ભગવદ્ સન્મુખ થવાનું સૌભાગ્ય પામ્યા.

### પ્રશ્ન-૩૫. પુલન્દિઓ શ્રી કૃષ્ણમાં કેવી રીતે મોહ પામ્યા?

ઉત્તર-૩૫. શ્રી સ્વામિનીજીને આલિંગન આપવાના કારણે ઠાકોરજીને ચરણે લાગેલું કુમકુમ (કેસર) ઘાસને લાગેલું જોયું અને તેને ઉઠાવ્યું અને હૃદય, મો અને સ્તન પર લગાવ્યું અને તેના કારણે આલિંગનનો આનંદ પ્રાપ્ત કરી મોહ પામ્યા. તેનું વર્ણન પૂર્ણાઃ પૂલિન્ધા ઉરૂગાય પદાબ્જરાગ, શ્રી કુંકુમેન દયિતાસ્તન મંડિતેન શ્લોકમાં જોવા મળે છે.

### પ્રશ્ન-૩૬. શ્રી હરિરાય મહાપ્રભુજીએ શ્રી ગિરિરાજજીનું વર્ણન શેમાં કર્યુ છે ?

ઉત્તર-૩૬. શ્રી હરિરાય મહાપ્રભુજીએ શ્રી વલ્લભસાખીમાં કર્યુ છે અને તેમાં લખ્યું છે કે, ધન્ય ધન્ય શ્રી ગિરિરાજજુ, હરિદાસન મે રાયા......

### પ્રશ્ન-૩૭. શ્રી ગિરિરાજજી કેવા ભકત છે ?

ઉત્તર-૩૭. શ્રી ગિરિરાજજી શુધ્ધ પુષ્ટિ ભકત એટલે કે, હરિદાસવર્ય છે.

### પ્રશ્ન-૩૮. આપણે શ્રી ગિરિરાજજીની તળેટીમાં વાસ કરવાની કામના કેમ કરીએ છીએ?

ઉત્તર-૩૮. પ્રભુ સ્વયં યુગલ સ્વરૂપે શ્રી ગિરિરાજજીની કુંજ - નિકુંજમાં નિત્ય વિહાર કરે છે. તેથી ભકતો શ્રી ગિરિરાજજીની તળેટીમાં વાસ કરવાની કામના કરે છે.

### પ્રશ્ન-૩૯. શ્રી ગોવર્ધનની તળેટીમાં રહેવાની આજ્ઞા કોણ કરે છે ? કયા પદમાં?

ઉત્તર-૩૯. તરહટી શ્રી ગોવર્ધનકી રહીએ, નિત્ય પ્રતિ મદન ગોપાલ લાલ કે, ચરણ કમલ ચિત લૈયે..

### પ્રશ્ન-૪૦. શ્રી ચતુર્ભુજદાસને ગિરીકંદરામાં કેવા દર્શન થાય છે ? ત્યારે તેઓએ કયું કીર્તન ગાયું હતું?

ઉત્તર-૪૦. શ્રી ચતુર્ભુજદાસને શ્રી ગોવર્ધનનાથજીની કૃપાથી શ્રી ઠાકોરજીની નિત્યલીલાના દર્શન થાય છે. એકવાર શ્રી ગુસાંઈજીની આજ્ઞાથી અપ્સરાકુંડ ઉપર પુષ્પો વીણવા ગયેલા ત્યારે ભગવદ કૃપા અને ભગવદ લીલાથી શ્રીચતુર્ભુજદાસજી માર્ગ ભૂલ્યા હતા. તેઓ કંદરામાં પ્રવેશ્યા અને તેઓને કંદરાની અંદર અદભુત દર્શન થયા. શ્રી ગોવર્ધનનાથજી શ્રીસ્વામિનીજી તેમજ વ્રજભકતો સાથેના વિહારના દર્શન થયા ત્યારે તેઓએ દંડવત્ કર્યા. તે પછી શ્રી ઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને કંદરામાંથી બહાર નીકળીને મંદિરમાં પ્રવેશતા હોય તેવા દર્શન થયા. આ દર્શન કરી તેઓએ નીચેનું કીર્તન ગાયું. ગોવર્ધનગિરિ સઘન કંદરા, રેન - નિવાસ કીયો પિય પ્યારી, ઉઠી ચલે ભોર સુરત રંગ ભીને, નંદનંદન વૃષભાન દુલારી.

### પ્રશ્ન-૪૧. શ્રી ગોવર્ધન ભગવત્ રૂપ કયારે થયા ? તેનું વર્ણન શેમાં આવે છે ?


ઉત્તર-૪૧. શ્રીમદ ભાગવતના દસમ સ્કંધમાં અધ્યાય ૨૪ માં ગોવર્ધનલીલાનું અદભુત વર્ણન શ્રી શુકદેવજી કરે છે. ભગવાને ઈન્દ્રયાગને સ્થાને ગોવર્ધન યાગ કરાવ્યો. ગોવર્ધન પૂજા થઈ. અન્નકૂટ ધરાયો. ભગવાને વિચાર્યું, "જો કોઈ વિશેષ લીલા થાય તો વ્રજવાસીઓનો વિશ્વાસ દૃઢ થાય, અન્યાશ્રય ટળે અને અનન્યાશ્રય પ્રગટે. તેથી ભગવાન પોતે જ શ્રીગોવર્ધનરૂપ થયા અને સહસ્ત્રભુજાધારી થઈ, ખૂબ ખૂબ હોંશે અન્નકૂટ આરોગ્યા અને બોલતા હતા, હું જ પર્વત છું, શૈલોસ્મિ. આમ, શ્રી ગોવર્ધન ભગવત્ રૂપ થયા._

સંકલન- ભદ્રેશભાઈ શાહ (ગોધરા). અમદાવાદ, ૦૧/૦૧/૨૦૨૬.(ક્રમશઃ)

શ્રી ગિરિરાજ ગોવર્ધનનાથકી જય. શ્રી વલ્લભાધીશકી જય શ્રી ગુસાઈજી પરમદયાલકી જય.

# શ્રમની પવિત્રતા: કામ એ જ પૂજા






**લેખક: પરેશ શાહ વડોદરા**

"શ્રમ એ જ સાચી પૂજા" - આ માત્ર એક સૂત્ર નથી, પણ જીવન જીવવાની એક ઉમદા શૈલી છે. જ્યારે આપણે કોઈ કાર્યને માત્ર જવાબદારી સમજીને નહીં, પણ પવિત્ર કર્તવ્ય સમજીને પૂર્ણ નિષ્ઠા અને શ્રેષ્ઠતાથી કરીએ છીએ, ત્યારે તે કાર્ય 'કર્મ' મટીને 'ભક્તિ' બની જાય છે.

કોઈપણ કાર્ય નાનું કે મોટું નથી હોતું, પરંતુ તેને કરવાની રીત તેને મહાન બનાવે છે. ચાલો કેટલાક ઉદાહરણો જોઈએ:

એક સાચો શિલ્પકાર જ્યારે પથ્થરમાંથી મૂર્તિ કંડારે છે, ત્યારે તે માત્ર પથ્થર નથી તોડતો, પણ મૂર્તિમાં પ્રાણ ફૂંકવાનો પ્રયત્ન કરે છે. તેની એકાગ્રતા અને ચોકસાઈ એ જ તેની સાચી પ્રાર્થના છે.

ધોમધખતા તાપમાં પરસેવો પાડીને ધરતીપુત્ર જ્યારે ખેતરમાં મહેનત કરે છે, ત્યારે તે શ્રમ દ્વારા અન્નની રૂપે ઈશ્વરની સેવા જ કરે છે. તેનું ખેતર એ જ તેનું મંદિર છે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ જેવા મહાનુભાવોએ પોતાના કામને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. તેમણે કલાકો સુધી પ્રયોગશાળામાં કરેલો શ્રમ દેશ માટે પૂજા સમાન હતો.

જો એક સફાઈ કરનાર વ્યક્તિ રસ્તાને એવી રીતે સાફ કરે કે જોનારને થાય કે 'અહીં કોઈ કુશળ કલાકારે કામ કર્યું છે', તો તે શ્રમ પણ ઈશ્વરની પૂજા જ ગણાય.

"નિયુક્તં કાર્યં સર્વોત્તમરીત્યા, સદ્રૂપેણ, શ્રમસ્ય પૂજા એવ।" એટલે કે, આપણને સોંપેલું કામ શ્રેષ્ઠ રીતે અને શુદ્ધ ભાવથી કરવું એ જ શ્રમની સાચી પૂજા છે. પરમાત્મા મંદિરમાં બેઠેલા મૂર્તિમાં હોય કે ન હોય, પણ તે આપણા પ્રામાણિક શ્રમમાં ચોક્કસ વસે છે. જે વ્યક્તિ પોતાના વ્યવસાય કે કાર્યમાં કૌશલ્ય અને ઈમાનદારી દાખવે છે, તેને અલગથી માળા ફેરવવાની જરૂર રહેતી નથી. ભગવદ ગીતામાં પણ કહ્યું છે કે 'યોગ: કર્મસુ કૌશલમ્'–અર્થાત્ કર્મોમાં કુશળતા મેળવવી એ જ યોગ છે. જ્યારે આપણે પૂરા મનથી કામ કરીએ છીએ, ત્યારે તેમાંથી મળતો આનંદ અને સંતોષ એ જ સાચો પ્રસાદ છે.







# મોર્ટગેજની પાયાની સમજ અને બજેટનું આયોજન



MORTGAGE ARCHITECTS

Dhavalkumar Patel - Mortgage Broker, Mortgage Architects ★12728

ઘર ખરીદવું એ જીવનનો સૌથી મોટો નાણાકીય નિર્ણય છે. મોટાભાગના લોકો માટે, આખી રકમ એકસાથે ચૂકવવી અશક્ય હોય છે, અને અહીં જ મોર્ટગેજ ચિત્રમાં આવે છે. ચાલો આ પ્રક્રિયાને ત્રણ મુખ્ય ભાગમાં સમજીએઃ

## ૧. મોર્ટગેજ: એક લાંબા ગાળાનું રોકાણ

મોર્ટગેજ એ માત્ર 'ઉધાર લીધેલા પૈસા' નથી, પણ તમારા ભવિષ્યમાં કરેલું રોકાણ છે. જ્યારે તમે ભાડું આપો છો, ત્યારે તે પૈસા ક્યારેય પાછા આવતા નથી. પરંતુ જ્યારે તમે મોર્ટગેજનો હપ્તો (EMI) ભરો છો, ત્યારે ધીમે ધીમે તમે એ ઘરના માલિક બનતા જાઓ છો. આ એક ૨૫ થી ૩૦ વર્ષની લાંબી મુસાફરી છે, તેથી તેને સમજવી ખૂબ જરૂરી છે.

## ૨. ડાઉન પેમેન્ટ અને લોનની રકમ વચ્ચેનો તફાવત

ઘણીવાર લોકો ગૂંચવાય છે કે તેમને કેટલી લોન મળશે. તેને આ રીતે સમજો:

ડાઉન પેમેન્ટ: આ એ રકમ છે જે તમારે તમારા ખિસ્સામાંથી અથવા બચતમાંથી તરત જ ચૂકવવી પડે છે. સામાન્ય રીતે ઘરની કુલ કિંમતના ૫% થી ૨૦% જેટલી હોય છે.

લોનની રકમ: ઘરની કુલ કિંમતમાંથી ડાઉન પેમેન્ટ બાદ કર્યા પછી જે રકમ વધે, તે બેંક તમને આપે છે.

ઉદાહરણ: જો ઘરની કિંમત ₹ ૫ લાખ હોય અને તમે ₹૧ લાખ ડાઉન પેમેન્ટ આપો, તો તમારી મોર્ટગેજ લોન ₹ ૪ લાખની ગણાશે.

## 3. તમારા બજેટનું આયોજન કેવી રીતે કરવું? (ખાસ ટીપ)

લોન લેતા પહેલા બેંક કેટલી આપશે એ જોવા કરતા, તમે કેટલી ચૂકવી શકશો એ જોવું વધુ મહત્વનું છે.

ઈમરજન્સી ફંડ: લોન લીધા પછી પણ તમારી પાસે ૩ થી ૬ મહિનાના હપ્તા જેટલી રકમ બચતમાં હોવી જોઈએ, જેથી નોકરી કે વ્યવસાયમાં ઉતાર-ચઢાવ આવે તો મુશ્કેલી ન પડે.

યાદ રાખો: "તમારા સપનાના ઘરની ચાવી મેળવવા માટે મોર્ટગેજ એ સૌથી મહત્વનું પગથિયું છે. માત્ર વ્યાજ દર (Interest Rate) જ નહીં, પણ લોનની શરતો અને દંડ (Penalties) સમજવા પણ એટલા જ જરૂરી છે."

શું મારે વધુ ડાઉન પેમેન્ટ આપવું જોઈએ? હા, જો તમારી પાસે સગવડ હોય, તો વધુ ડાઉન પેમેન્ટથી વ્યાજ ઓછું ભરવું પડશે.

લોનનો સમયગાળો (Amortization) કેટલો રાખવો? લાંબો સમયગાળો માસિક હપ્તો ઘટાડે છે, પણ કુલ વ્યાજ વધારે છે.

**ખાસ નોંધ:**

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર સામાન્ય જાણકારી માટે છે. મોર્ટગેજ સંબંધિત કોઈ પણ નિર્ણય લેતા પહેલા તમારા ફાઈનાન્શિયલ એડવાઈઝર અથવા મોર્ટગેજ પ્રોફેશનલની સલાહ લેવી અનિવાર્ય છે. વ્યક્તિગત સંજોગો મુજબ વ્યાજ દર અને શરતો બદલાઈ શકે છે.



# ખુશ રહેવાનું રહસ્ય

## પરિવાર, મિત્ર-સમુદાયની નજીક રહેવું. એકલતા જીવલેણ છે, પરંતુ ભીડ પણ ન વધારવી.



લેખક નિર્મળાબેન દરજી, રિટાયર્ડ શિક્ષિકા, કેનેડા

જે લોકો મજબૂત સંબંધો જાળવી રાખે છે અને જે વસ્તુ તેમને ખુશી આપે છે તેવી વસ્તુ કરે છે, તેમની વય વધવાની સાથે પ્રસન્નતા પણ વધે છે. ઘણા લોકોએ જીવનમાં ખૂબ કમાણી કરી, મોટી ડિગ્રી હાંસલ કરી અથવા ઉચ્ચ હોદ્દાની નોકરી મેળવી પરંતુ તેમાંથી ઘણા લોકો એકલા રહ્યા અથવા તો સમયથી પહેલા જ મૃત્યુ પામ્યા.

બીજી તરફ એવા લોકો હતા કે જેઓએ જીવનમાં ખૂબ જ સંઘર્ષ કર્યો, ઓછો પગાર હોય તેવી નોકરી કરી છતાં પણ એ નોકરીએ તેમના જીવનને એક અર્થ આપ્યો અને પરિવાર સાથે સારો સમય વિતાવ્યો. તેઓ દીર્ઘાયુષ્ય અને વધુ ખુશ પણ રહ્યા. જે લોકો પરિવાર, મિત્રો અને સમુદાયો સાથે વધુ જોડાયેલા રહે છે, તેઓ એકલતામાં જીવન વિતાવતા લોકોની તુલનામાં વધુ ખુશ અને શારીરિક રીતે સ્વસ્થ રહે છે.

'એકલતા' માણસને જીવલેણ સાબિત થાય છે. એકલતા એ માણસને ખાલીપાનો અહેસાસ કરાવે છે અને લાંબા ગાળાના તણાવનું કારણ બની શકે છે. તે એક ધીમા ઝેર સમાન છે, તેને લીધે જીવન પર પ્રતિકૂળ અસર પડે છે. દરેકનું જીવન એકસરખું હોતું નથી. અનેક સ્થિતિ આનંદમાં મુશ્કેલી લાવે છે, જેમાં કોઈ સગાનું અચાનક મૃત્યુ, ભેદભાવ, શોષણ, ગરીબી અથવા બીમારી જેવી અનેક વસ્તુ છે.

પરંતુ સારા સામાજિક સંબંધો આ બધી સમસ્યાના નિરાકરણને વધુ સરળ બનાવે છે. પૈસા એ માણસને ખુશ તો રાખી શકે છે, પરંતુ એક હદ સુધી. એ ખુશી લાંબા સમય સુધી ટકતી નથી. ખુશહાલ જીવન માટે વ્યાયામ, આરોગ્યવર્ધક આહાર અને સ્વસ્થ રહેવું જ પૂરતું નથી, આ વસ્તુઓ પણ મહત્વપૂર્ણ છે પરંતુ તેનાથી પણ માણસના જીવનમાં ઘનિષ્ઠ સંબંધોનું ખૂબ જ મહત્વ છે. તે લાંબા સમય સુધી આપણને ખુશ રાખી શકે છે. માટે જ આપણા સૌથી નજીકના સંબંધો માટે સમય આપવો ખૂબ જરૂરી છે.

સંબંધો ત્યારે જ ગાઢ બને છે કે જ્યારે આપણે સામેવાળી વ્યક્તિને માત્ર સાંભળીએ નહિ પણ એને સમજીએ. સફળતા તો આખી દુનિયા સાથે હોય છે, પરંતુ જ્યારે માણસ ચારે બાજુથી મુશ્કેલીઓમાં ઘેરાઈ ગયો હોય અને માનસિક રીતે પડી ભાંગ્યો હોય ત્યારે તેની પડખે ઊભો રહે તે જ સંબંધ ઘનિષ્ઠ કહેવાય છે.

કોઈપણ સંબંધ અહંકાર કરતા મોટો છે. નાની નાની ભૂલોને માફ કરવી જોઈએ. સંબંધોમાં સામેવાળાની સફળતા પર તેની પ્રશંસા કરવી જોઈએ. કેટલીક વાર સંબંધોમાં સામેવાળાની ભૂલો પર પ્રામાણિક રહીને તેને કડવું સત્ય પણ કહેવાની હિંમત રાખવી જોઈએ. આમ ૧૦૦ ઘનિષ્ઠ સંબંધો કરતા એક જ સંબંધ વધુ કિંમતી હોય છે કે જે આપણી મૌન ભાષા પણ સમજી શકે છે.

માટે જ જિંદગીમાં જ્યારે તક મળે ત્યારે કોઈ માટે કંઈક બનવાનો પ્રયાસ કરજો. જ્યાં જ્યાં એકલતા ઘર કરી ગઈ હોય ત્યાં નાનકડી વાત બનજો. જ્યાં મૌન ડંખે કરીને બેઠું હોય ત્યાં સાથ બનજો. જ્યાં ખાલીપો કોરી ખાતો હોય ત્યાં હાજરી બનજો. જ્યાં નિરાશાના કાંટાઓનું સામ્રાજ્ય કોઈને તોડી રહ્યું હોય ત્યાં આશાઓનો લીલોછમ બાગ બનજો. જ્યાં તરસી રહ્યું છે કોઈ એક શબ્દ માટે ત્યાં એક આખી કવિતા જ બની જજો. વીણાનું સંગીત બનજો એ કાન માટે જેણે પાછું વળીને જોવાનું બંધ કરી દીધું છે.

તમારી કંઈક બનવાની યાત્રા તમને એક સુંદર માનવી બનાવી દે છે અને એ કોઈ નાની વાત નથી! આવા સુંદર માનવીઓ અનેક હૈયામાં જીવતા હોય છે. બીજાના હૈયામાં જીવવાની ઘટના ખૂબ જ અલૌકિક અને દુર્લભ હોય છે.

એક વખત કોઈ માટે કંઈક બન્યા પછી આ શબ્દો મારી ભીતરથી વહેતા થયા હતાઃ

"નોંધ એના હૃદયમાં એ પણ લેવાઈ હશે, નાનું પગથિયું કોઈ માટે હું પણ બની હતી."

# મેષ લગ્નમાં પ્રથમ ભાવે સૂર્ય : જાતકના સ્વભાવ, આરોગ્ય અને દાંપત્ય પર પડતા પ્રભાવ

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા







આ લેખમાં આપણે વિશેષ રૂપે લગ્ન સ્થાનમાં રહેલ ગ્રહો મેષ લગ્નના જાતકોને શુભ તથા અશુભ ફળ શું આપે છે તે જોઈશું. હવે આપણે મેષ લગ્નમાં નવગ્રહો પૈકી સૂર્ય મહારાજ શું ફળ આપે છે તે જોઈશું. એ જ પ્રમાણે જન્મકુંડળીના 12 ભાવોમાં જુદા જુદા ભાવ શું ફળ આપે છે તે એક પ્રમાણે જોઈશું. પરંતુ આજે પ્રથમ સ્થાનમાં એટલે કે દેહ ભવનમાં મેષ લગ્નની કુંડળીમાં સૂર્ય મહારાજ શું ફળ આપે છે તેના વિશે જોઈશું.

મેષ લગ્નમાં જન્મેલા જાતકોને પ્રથમ ભાવે લગ્નમાં રહેલો સૂર્ય ઉચ્ચનો ગણાય છે. પોતાના મિત્ર મંગળની રાશિમાં દેહ ભાવમાં રહેલો સૂર્ય જાતકને પ્રભાવશાળી, તંદુરસ્ત દેહાકૃતિ આપે છે. આવા જાતકો સ્વભાવે સ્વાભિમાની, વિદ્વાન, સાહસિક અને તેજસ્વી બુદ્ધિવાળા બનાવે છે. આવા જાતકો પોતાની પ્રભાવશાળી વાણી દ્વારા વ્યવહાર કુશળ, મહત્વાકાંક્ષી અને ગંભીર પ્રકૃતિના બનાવે છે. તેમને સંતાન સુખ સારું મળે છે. સમાજમાં માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. પ્રથમ ભાવેથી સાતમી દ્રષ્ટિ દાંપત્ય ભવનમાં દ્રષ્ટિ કરતા સૂર્ય મહારાજ લગ્ન જીવનમાં થોડો કલેશ તથા ભાગીદારીના કાર્યોમાં વિક્ષેપ અને ઝઘડાખોર જીવનસાથી સૂચવે છે. કારણ કે ધર્મપત્ની પણ લાઈફ પાર્ટનર કહેવાય છે તે બાબત જાતકે...

કદાચ ભૂલવી જોઈએ નહિ. પત્ની કે પતિ બંને અહંકારી ને મનસ્વી પ્રકૃતિના હોય છે. પરિણામે દાંપત્યજીવનમાં સંપૂર્ણ સુમેળતાનો અભાવ જોવા મળે છે. સંતાનો બુદ્ધિશાળી ને પ્રતાપી હોઈ




શકે છે. હાલના સમયમાં દાંપત્ય જીવન ખૂબ જ મુશ્કેલી વાળું જોવા મળે છે. અગાઉના અંકમાં રાશિઓની અને સ્વામીની સમજૂતી આપી છે તે પ્રમાણે ૧-૮ એટલે કે મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી મંગળ છે. ૨-૭ એટલે કે વૃષભ-તુલા રાશિનો સ્વામી શુક્ર છે. ૩-૬ એટલે મિથુન-કન્યા રાશિનો સ્વામી બુધ છે. ૪- એટલે કર્ક રાશિનો સ્વામી ચંદ્ર છે. ૫- એટલે સિંહ રાશિનો સ્વામી સૂર્ય છે. ૯ અને ૧૨ રાશિના સ્વામી ગુરુ છે એટલે કે ધન અને મીન રાશિ. હવે ૧૦ અને ૧૧ એટલે કે મકર અને કુંભ રાશિના સ્વામી શનિ મહારાજ છે. બીજી વાત એ છે કે મેષ લગ્નના જાતકો માટે પહેલા અને આઠમા સ્થાનનો સ્વામી મંગળ થાય છે.

નોંધ- આ લેખમાં મેષ લગ્નમાં વિશેષ જાણકારી એટલા માટે આપવા આવી છે. હવે ૧૨ લગ્નમાં નવગ્રહો દરેક ભાવ જાતકો શું શું શુભ અશુભ ફળ આપશે તે વાંચવાથી ખ્યાલ આવશે. હવે કુંડળીના ૧૨ ભાવ નીચે મુજબ છેઃ

૧) તનુ ભાવ ૨) ધન ભાવ ૩) સહજ ભાવ ૪) સુખ ભાવ ૫) સંતતિ ભાવ ૬) શત્રુ ભાવ ૭) કલત્ર ભાવ ૮) આયુષ્ય ભાવ ૯) ભાગ્ય ભાવ ૧૦) કર્મ ભાવ ૧૧) લાભ ભાવ ૧૨) વ્યય ભાવ

# વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે શાકોત્સવનું ભવ્ય આયોજન
















પરમ પૂજ્ય 1008 આચાર્ય શ્રી એજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા તથા પરમ પૂજ્ય 108 લાલજીશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના માર્ગદર્શન હેઠળ વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે પ્રથમ વખત ભવ્ય અને પરંપરાગત રીતે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર શાકોત્સવનું આયોજન તારીખઃ 1 ફેબ્રુઆરી, 2025, સ્થળઃ યુનિટ નં. 3, 2400 ફિન્ચ એવેન્યુ વેસ્ટ, નોર્થ યોર્ક, M9M 2C8 પર કરવામાં આવ્યું હતું.

શાકોત્સવ અંતર્ગત ભગવાન શ્રી સ્વામિનારાયણને વિવિધ પ્રકારની તાજી શાકભાજીથી તૈયાર કરાયેલા સાત્વિક અને સ્વાદિષ્ટ અન્નના ભોગ અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત બની ગયો હતો.

આ અવસરે હરિભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાનના દિવ્ય દર્શન તથા પ્રસાદનો લાભ લીધો. કીર્તન-ભજન, ધર્મસભા તથા આશીર્વચન દ્વારા ભક્તોને આધ્યાત્મિક માર્ગદર્શન પ્રાપ્ત થયું.

મંદિર વ્યવસ્થાપન સમિતિએ જણાવ્યું કે શાકોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય સાત્વિક જીવનશૈલી, ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાનું મહત્વ સમાજ સુધી પહોંચાડવાનો છે. સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, સેવા અને શિસ્તબદ્ધ આયોજન સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો.


અંતે, મંદિર તરફથી આ સફળ આયોજનમાં સહયોગ આપનાર તમામ હરિભક્તો, સ્વયંસેવકો અને દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

વધુ માહિતી માટે સંપર્કઃ ધવલભાઈ સોની - 647 236 4148, એજેન્દ્ર પટેલ - 647 997 7486

# HSAPSS Canada દ્વારા વસંત પંચમીના પાવન દિવસે ભવ્ય ધાર્મિક સભાનું આયોજન

મહામંગલકારી અને પવિત્ર દિવસ એટલે વસંત પાંચમી. વસંત પંચમી માત્ર તહેવાર નથી, તે જ્ઞાન, સંસ્કાર અને નવી શરૂઆતનું પર્વ છે. આ દિવસે જ્ઞાનને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવાય છે અને આનંદભરી વસંતનું સ્વાગત થાય છે. આ મહામંગલકારી દિવસ નો સનાતમ ધર્મ માં બહુ મહિમા માં છે. 23rd january ના રોજ વસંત પંચમી નો મહામંગલકારી દિન હતો. વસંતપંચમી નો એક અનોખો જ મહિમા સ્વામિનારાયણ સંપ્રદાય માં પણ છે . સ્વામિનારાયણ ભગવાન દ્વારા સ્વરચિત શાક્ષાપત્રી ગ્રંથ ની ૨૦૦મી જયંતિ પણ હતી. સાથે સાથે અક્ષરપુરુષોત્તમ ની શુદ્ધ ઉપાસનાં ના સ્થાપક ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ નો પણ પ્રાગટય દિવસ હતો. એ શાસ્ત્રીજી મહારાજ કે જેમને આ ધરતી પર આવી હું અક્ષર છું અને પુર્ષોત્તતમ મારા સ્વામી છે એ યુગલ ઉપાસના નું સ્થાપન કર્યું. આ ભવ્ય પર્વ HSAPSS Canada પરિવાર ના ભક્તો એ ભેગા મળી 1st February ના દિવસે શ્રીંગેરી હોલ ખાતે ઉજવ્યો. આ પ્રસંગે આશરે 400 જેટલા હરિભક્તોની ભાવભીની હાજરી એ સમગ્ર વાતાવરણ ને ભક્તિમય અને આધ્યાત્મિક ઉર્જા થી તરબોળ કરી દીધું હતું.

ગુરુહરિ હરિપ્રસાદ સ્વામીજી અને પ્રગટ ગુરુહરિ પ્રેમ સ્વરૂપ સ્વામીજી શિક્ષાપત્રી ને કળિયુગ નું સુદર્શનચક્ર કહે છે. જીવન ના દરેક પ્રશ્નો નો ઉકેલ શિક્ષાપત્રી માં છે. જાણી ને તો એવા નાના જીવ ની હત્યા ન કરવી થી લઈને લખત કર્યા વિના પોતાના સગા સંબંધી




સાથે વ્યવહાર ન કરવો એવા દરેક પ્રશ્નો ના ઉકેલ , અને જીવન ને બેહતર બનવાનો માર્ગ શિક્ષાપત્રી માં છે. અને આવા ભવ્ય ગ્રંથ ની ભેટ ભગવાન સ્વામિનારાયણે માનવજાત ના કલ્યાણ હેતુ આ દિવસે આપી તો એ દિવસ કેટલો દિવ્ય કહેવાય. તો આવા ભવ્ય દિવસ ને માણવા માટે એક ભવ્ય સભા નું આયોજન કરવામાં આવ્યું. સભા ની શરૂઆત કીર્તન ભક્તિ થી કરવામાં આવી. કીર્તન ભક્તિ ના મુકતો એ સભા માં પધારેલા ભક્તો ને અલગ અલગ કીર્તનો રજુ કરી ખુબ રાજી કર્યા. ભગવાન સ્વામિનારાયણ, શિક્ષાપત્રી અને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ ના મહિમા માં સહુ ભક્તો કીર્તનો દ્વારા તરબોળ થયા હતા. Decoration team દ્વારા ખુબ ભવ્ય ડેકોરેશન કરવા માં આવ્યું હતું. કાર્યકર્મ ના ભાગ રૂપે જયેશ ભાઈ દેસાઈ એ સભા ને સરસ નું શિક્ષાપત્રી અને શાસ્ત્રીજી મહારાજ નો મહિમા ગાઈ સહુ ભક્તો ને મહિમા માં ડૂબાડયા હતા. સભા પછી ઠાકોરજી ની આરતી કરી સભા ની પૂર્ણાહુતિ થઈ.




ખેતી - NAની જમીન

Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad

ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો

AGRICULTURE & NA LAND

BUY - SELL - RENT

99257 68291


Happy Valentine's Day
GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc.
BUILDERS PLATINUM BROKER 2018-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
Valentine's
NITE
DINNER & DANCE PARTY
Kuchh Na Kaho
SUNNY
SRIJEET
MRINALI
SPECIAL BOLLYWOOD DANCE PERFORMANCE BY DHRUV & PARI
DATE : SATURDAY, FEB 14, 2026
@ 6.30 PM ONWARDS...
APPETIZERS : 7.00 PM TO 8.00 PM
DINNER & DESSERTS : 10:30 PM
Mouth Watering Appetizers
Veg & Non-Veg Delicious Gala Dinner
Yummy Desserts
Live Singing of Bollywood Songs
Cash Bar: All Major Brands Available
Bollywood & Belly Dancers
Amazing DJ, Great Sound System
Open Dance Floor
Beautiful Modern DISCO Lighting
Lucky Draw
Free Soft Drinks, Tea, Coffee
Free Parking
CASH BAR
(All major brands Available)
REGULAR PER PERSON $55
TABLE OF 8 PEOPLE $400
VIP PER PERSON $75
TABLE OF 8 PEOPLE $550
VENUE : SPERANZA BANQUET & CONVENTION CENTRE 510-A, DEERHURST DRIVE, BRAMPTON, ON, L6T 5H9 (QUEEN/GOREWAY)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents

# પ્રેમનો પાવન પર્વ – વેલેન્ટાઈન ડે ની હાર્દિક શુભેચ્છાઓ
















પ્રેમ માનવ જીવનની સૌથી સુંદર અને પવિત્ર લાગણી છે. પ્રેમ એ માત્ર બે દિલો વચ્ચેનો સંબંધ નથી, પરંતુ પરિવાર, મિત્રતા, સમાજ અને માનવતા વચ્ચે જોડતી એક અમૂલ્ય લાગણી છે. વિશ્વભરમાં 14 ફેબ્રુઆરીએ ઉજવાતો વેલેન્ટાઈન ડે આ પ્રેમ અને લાગણીઓની ઉજવણી કરવાનો એક વિશેષ અવસર છે.

કેનેડા જેવી બહુસાંસ્કૃતિક ધરતી પર વસતા ભારતીય સમાજ માટે આ દિવસ ખાસ મહત્વ ધરાવે છે. અહીં વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ વચ્ચે જીવતા હોવા છતાં આપણા હૃદયમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કાર અને લાગણીઓ સદા જીવંત રહે છે. પ્રેમ, લાગણી અને પરસ્પર સન્માન એ આપણા જીવનના મજબૂત આધારસ્તંભ છે, જે પરિવાર અને સમાજને એકતાના સૂત્રમાં બાંધી રાખે છે.

વેલેન્ટાઈન ડે માત્ર દંપતિઓ માટે જ નથી, પરંતુ માતા-પિતા, સંતાનો, મિત્રો તથા પોતાના નજીકના દરેક વ્યક્તિ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો આ એક સુંદર દિવસ છે. નાનકડું સ્મિત, લાગણીભર્યું સંદેશ કે સ્નેહસભર સમય – આ બધું જીવનમાં ખુશીઓનો રંગ ભરી દે છે. સાચો પ્રેમ તે છે જે સ્વાર્થ વગર બીજાના સુખમાં પોતાનું સુખ શોધે છે.

ગરવી ગુજરાત ન્યુઝ પેપરની ટીમ તરફથી કેનેડામાં વસતા તમામ વાચક મિત્રો અને ગુજરાતી સમાજને વેલેન્ટાઈન ડે ની હાર્દિક શુભેચ્છાઓ. આપના જીવનમાં પ્રેમ, ખુશી અને સમૃદ્ધિના રંગ સદા છલકાતા રહે અને આપના સંબંધો વિશ્વાસ અને લાગણીઓથી સદાય મજબૂત બને તેવી હાર્દિક શુભકામનાઓ.

પ્રેમ અને ખુશીઓથી ભરેલો વેલેન્ટાઈન ડે આપ સૌ માટે સુખમય બની રહે તેવી શુભેચ્છાઓ.



### ટીમ ઈન્ડિયા U19 વર્લ્ડ કપમાં છઠ્ઠીવાર ચેમ્પિયન

# ઈંગ્લેન્ડને 100 રને હરાવ્યું; વૈભવ સૂર્યવંશીએ વિક્રમી 80 બોલમાં 175 રન ફટકાર્યા

ભારતે છઠ્ઠીવાર U-19 વર્લ્ડ કપ જીતી લીધો છે. શુક્રવારે ઈન્ડિયન ટીમે ઈંગ્લેન્ડ પર 100 રનથી શાનદાર જીત મેળવી હતી. હરારે સ્પોર્ટ્સ ક્લબમાં ભારતીય ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. ટીમે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 411 રન બનાવ્યા હતા.

ઈન્ડિયન ઓપનર વૈભવ સૂર્યવંશીએ 80 બોલમાં 15 ચોગ્ગા અને 15 છગ્ગાની મદદથી 175 રન બનાવ્યા હતા. કેપ્ટન આયુષ મ્હાત્રેએ 53 રનની ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડ તરફથી સેબેસ્ટિયન મોર્ગન અને એલેક્સ ગ્રીને 2-2 વિકેટ ઝડપી હતી.

412 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ઈંગ્લેન્ડની ટીમ 40.2 ઓવરમાં 311 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી આર.એસ અંબરીશે 3 વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ માટે કાલેબ ફોલ્કનરે 115 રન બનાવ્યા હતા. તેઓ એક છેડેથી લડત આપતા રહ્યા, પરંતુ બીજા છેડેથી સતત વિકેટો પડતી રહી, જે ઈંગ્લેન્ડની હારનું મુખ્ય કારણ બન્યું.

## વૈભવ સૂર્યવંશીએ 175 રન બનાવ્યા

વૈભવ સૂર્યવંશી 80 બોલમાં 175 રન બનાવીને આઉટ થયો. તેણે 228.75ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા 15 ચોગ્ગા અને 15 છગ્ગા ફટકાર્યા.

કેપ્ટન આયુષ મ્હાત્રે (53 રન)એ અડધી સદી ફટકારી. અભિજ્ઞાન કુંડુએ 40, વેદાંત ત્રિવેદીએ 32 અને વિહાન મલ્હોત્રાએ 30 રન બનાવ્યા. કનિષ્ક ચૌહાણ 37 રન બનાવી અણનમ રહ્યા. ઈંગ્લેન્ડ તરફથી જેમ્સ મીટોએ ત્રણ વિકેટ લીધી. સેબેસ્ટિયન મોર્ગન અને એલેક્સ ગ્રીને બે-બે વિકેટ લીધી.










## બન્ને ટીમની પ્લેઈંગ-11

ભારત (IND): આયુષ મ્હાત્રે (કેપ્ટન), એરોન જ્યોર્જ, વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), વેદાંત ત્રિવેદી, આર. એસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, હેનિલ પટેલ અને દીપેશ દેવેન્દ્રન.

ઈંગ્લેન્ડ (ENG): થોમસ રેવ (કેપ્ટન), બેન ડોકિન્સ, જોસેફ મૂર્સ, બેન મેયસ, કાલેબ ફોકનર, રાલ્ફી આલ્બર્ટ, ફરહાન અહેમદ, સેબેસ્ટિયન મોર્ગન, જેમ્સ મીટો, મેની લુમ્સડેન અને એલેક્સ ગ્રીન.